**સુવિચાર**
"ખીલવા અને ખરવાની ક્ષણો વચ્ચે મહેકવાની આવડત હોય, એ જ સુગંધ પ્રસરાવી શકે છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૪/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૧૧૨

## જિલ્લા ચૂંટણી અધિકારી વિકલ્પ ભારદ્વાજે પત્રકાર પરિષદ યોજી

# જિલ્લાનાં નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા અપીલ

જિલ્લા પંચાયતની ૩૪, તાલુકા પંચાયતની ૧૮૬ અને ૬ પાલિકાની ૧૭૪ બેઠકો માટે રવિવારે મતદાન યોજાશે

પાલિકા/પંચાયતોની ચૂંટણી અંતર્ગત ૬૨૭૪ પ્રિસાઈડીંગ અને પોલીંગ ઓફિસર ફરજમાં રહેશે

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૨૬૭૨ પોલીસ સ્ટાફ મતદાન પ્રક્રિયામાં ફરજ બજાવશે

પત્રકાર પરિષદમાં પોલીસ અધિક્ષક સંજય ખરાત સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા






અમરેલી, તા. ૨૪
રાજય ચૂંટણી આયોગ દ્વારા તા. ૧/૪/૨૦૨૬ના રોજ જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ અનુસાર અમરેલી જિલ્લાની જિલ્લા પંચાયત, તમામ ૧૧ તાલુકા પંચાયત તથા અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, બાબરા, દામનગર એમ કુલ– ૬(છ) નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અન્વયે આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ ને રવિવારના રોજ સવારના ૭.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક સુધી મતદાન યોજાનાર છે. જેની મત ગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ સવારના ૦૯.૦૦ કલાકથી હાથ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### બપોરનાં કામ કરતી વખતે બનાવ બન્યો

## અમરેલીનાં વાંકિયા ગામે કડિયા કામ કરતા વૃધ્ધનું પગમાં ઈજા થવાથી મોત

**સારવાર દરમિયાન અંતિમશ્ર્વાસ લીધા**

અમરેલી, તા. ૨૪
અમરેલી તાલુકાનાં વાંકિયા ગામે રહેતાં અને કડીયા કામ કરતા ધનજીભાઈ પુનાભાઈ જુવાદરીયા નામનાં ૬૦ વર્ષીય વૃધ્ધ ગત તા. ૨૨ બપોર પછી આશરે સાડા ચારેક વાગ્યાનાં સમયે વાકિયા ગામે કડીયા કામ કરતા હોય ત્યારે દીવાલનો ભાગ ઉપર પડતા તેમને ડાબા પગનાં સાથળનાં ગાળાનાં ભાગે ગંભીર ઈજા થતા લોહી નીકળેલ જમણા પગે ફેકચર થતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ૧૮૬ અને ૬ પાલિકાની ૧૭૪ બેઠકોનું મતદાન

## અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ : ૯ હજાર કર્મચારીઓ આજે રવાના થશે

**સ્થાનિક ચૂંટણીમાં ૧૩૨૪ મતદાન મથકો અને ૧૧૧૭ ઉમેદવારો**

અમરેલી, તા. ૨૪
અમરેલી જિલ્લામાં આગામી રવિવારે સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. જિલ્લામાં કુલ ૧૦,૭૫,૫૫૪ મતદારો ૧૩૨૪ મતદાન મથકો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણીને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

મતદાન પ્રક્રિયાને પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવા માટે તંત્ર દ્વારા વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કુલ ૧૩૨૪ મતદાન મથકો ઉપર મતદાન યોજાશે, જયાં ૬૩૦૦ જેટલો પોલિંગ સ્ટાફ ફરજ પર રહેશે. જયારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૨૬૭૦ પોલીસ સ્ટાફને પણ

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડો. તુષાર બોરાણીયા B.D.S. / ઓમ ડેન્ટલ કિલનીક
વાંકાચૂંકા દાંત માટે ડીજીટલ કન્સલ્ટેશન કેમ્પ
કન્સલ્ટેશન માટે અગાઉથી નામ નોંધાવવા જરૂરી છે...
70168 37137/90230 30089
ડો. ધ્વનિક વાળા
M.D.S. (ઓર્થોડોન્ટીસ્ટ)
વ્યકિતગત સલાહ માટે ઉપલબ્ધ રહેશે
કેમ્પની તારીખ : ૨૭/૦૪/૨૦૨૬, સોમવાર, સાંજે ૪ થી ૭
:: સ્થળ ::
ઓમ ડેન્ટલ કિલનીક
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્સ, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,38,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

सुश्रुत આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો • માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુખાવા), સ્ત્રીરોગ • વગેરેમાં જળમૂળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી ડો. સંદીપ ખેની, હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કલ્પેશ બજાણિયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૫/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી • ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા • ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી • ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### ચિતલ, જશવંતગઢના અનેક આગેવાનો અને કાર્યકરો આપ સાથે જોડાયા

# ચિતલ જિલ્લા પંચાયત બેઠકનાં ''આમ આદમી પાર્ટી''નાં ઉમેદવાર રેખાબેન અશોકભાઈ માંગરોળીયાને જબરદસ્ત સમર્થન

### ચિતલ, જશવંતગઢ વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચારમાં વ્યાપક આવકાર







અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠકનાં આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર રેખાબેન અશોકભાઈ માંગરોળીયાનાં સમર્થનમાં ચિતલ–જશવંતગઢનાં અનેક આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. આજે ચિતલ–જશવંતગઢમાં ડોર ટુ ડોર પ્રચારમાં વ્યાપક સમર્થન મળતાં હરિફ પક્ષોનાં ઉમેદવારોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે.

"આમ આદમી પાર્ટી" નાં ઉમેદવારનાં સમર્થનમાં અશોકભાઈ માંગરોળીયા, બાબુભાઈ દેસાઈ, મનસુખભાઈ માંગરોળીયા, દેવચંદભાઈ ભાલાળા, ગોવિંદભાઈ પાલડીયા, રમેશભાઈ માંગરોળીયા, મહેશભાઈ મેશીયા, જે.પી. માંગરોળીયા, રોહિતભાઈ દેસાઈ, ભુપતભાઈ માંગરોળીયા, ચંદુભાઈ માંગોરળીયા, વિપુલભાઈ પાલડીયા, રાજેશભાઈ દેસાઈ, કાળુભાઈ માંગરોળીયા, જીગ્નેશભાઈ ગજેરા, વિનુભાઈ માંગરોળીયા, લખમણભાઈ સોરઠીયા, અરવિંદભાઈ પોકીયા, જેરામભાઈ દેસાઈ, મનસુખભાઈ કુંભાર, અતુલભાઈ વઘાસીયા, રમેશભાઈ માંગરોળીયા, ભરતભાઈ કુંભાર, મહેશભાઈ લીંબાસીયા, જયસુખભાઈ ભાલાળા, ગોરધનભાઈ માંગરોળીયા, ભાણીયાભાઈ ગજેરા, મયુરભાઈ સાકરીયા, મધુભાઈ ગેડીયા, બાબુભાઈ માંગરોળીયા, કાળુભાઈ ધાનાણી, જીતુભાઈ ખાતરા, મગનભાઈ દેસાઈ, માધાભાઈ મેસીયા, રામજીભાઈ માંગરોળીયા, મુકેશભાઈ માંગરોળીયા, પ્રવિણભાઈ સોરઠીયા, શૈલેષભાઈ ભાલાળા, રમેશભાઈ રાજગોર, કમલેશભાઈ મીરોલીયા, પ્રાગજીભાઈ માંગરોળીયા, પલવારભાઈ સરવૈયા સહિતનાં આગેવાનો જોડાયા હતા.

### ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા

## સાવરકુંડલા શહેરને વિકસિત બનાવવાનો સંકલ્પપત્ર જાહેર કરવામાં આવ્યો

### આગામી પાંચ વર્ષમાં શહેરને સુવર્ણનગરી બનાવી દેવાશે

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા નગરપાલિકા સ્થાનિક સ્વરાજયની આવનારી ચૂંટણીને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી, સાવરકુંડલા દ્વારા આજેએક મહત્વપૂર્ણ સંકલ્પ પત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ સંકલ્પ પત્રમાં શહેરના સર્વાંગી વિકાસ, આધુનિક સુવિધાઓના વિસ્તરણ અને નાગરિકોની સુખાકારી માટેના વિવિધ મહત્વાકાંક્ષી આયોજનનો સમાવેશ કરવામાં આવ્યો છે.



આ સંકલ્પ પત્રમાં શહેરના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં બાળકો માટે આધુનિક ચિલ્ડ્રન પાર્ક, રેલવે ફાટકથી મુકત સાવરકુંડલા બનાવવા માટેના પ્રયત્નો, નાગરિકોના શુભ પ્રસંગો માટે પાર્ટી પ્લોટ, સ્વચ્છ અને સુવિધાયુકત શાક માર્કેટ, સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાનું નિર્માણ અને જનતા બાગનું નવીનીકરણ, ડોર–ટુ–ડોર કચરા નિરાકરણ માટે અત્યાધુનિક વાહનો તથા દરેક વોર્ડમાં સ્થાયી ડસ્ટબિનની વ્યવસ્થા, યુવાનો માટે વાતાકુલીન સુવિધાઓ ધરાવતી આધુનિક સેન્ટ્રલ લાઈબ્રેરી, જનતા બાગથી જેસર રોડ ગેટ સુધી ડસ્ટ–ફ્રી રોડ, જૈન બોર્ડિંગથી ફ્રેન્ડ સોસાયટી માલધારી ચોક સુધી અને કન્યા છાત્રાલયથી કોલેજ સુધી આઈકોનિક રોડ, નેસડી રોડથી શિવલીલા સોસાયટીથી અમરેલી બાયપાસ સુધી રોડનું નિર્માણ, શહેરને પીવાના પાણી માટે હાથસણી ડેમમાંથી પાણી પુરવઠો, સાવર અને કુન્ડલા બંને વિસ્તારનું રિનોવેશન, શહેરમાં ગ્રીન કવર વધારવા માટે સુયોજિત રીતે ૩૦૦૦ વૃક્ષોના વાવેતર, કે.કે. હોસ્પિટલનું આધુનિકીકરણ અને ક્રિકેટ ગ્રાઉન્ડની સુવિધા ઉભી કરવાની, એકતાના ઉત્સવરૂપે વાર્ષિક નવરાત્રી ઉત્સવ પરંપરા શરૂ કરવાની, પંડિત દિનદયાળ ઉપાધ્યાય બાગ (જનતા બાગ)નું નવીનીકરણ, આધુનિક એસ.બી. મોડલ ફાયર સ્ટેશનની સ્થાપના તેમજ સુકનેરા અને હાથસણી વિસ્તારમાં આવેલા ખોડિયાર ડેમમાં નર્મદા નીર પહોંચાડવાના સંકલ્પનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલીમાં વાળા પરિવાર દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું




અમરેલી, તા. ૨૪

અમરેલીમાં કાઠી ક્ષત્રિય સમાજના સાડા ત્રણ દિવસના ઉપવાસ નિમિત્તે અશોક વાળા અને વાળા પરિવાર દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

કાળઝાળ ગરમી વચ્ચે જરૂરીયાતમંદ લોકોને આઈસ્ક્રીમ બાળ કોને ભોજન ગાયા માતાને નિરણ સેવાભાવી વ્યકિત દ્વારા લગભગ સાડા ત્રણ દિવસ સુધી બપોરે રાત્રેના સમયે સેવાયજ્ઞ અશોકભાઈ હનુભા વાળા દ્વારા અમરેલી સર્વ ખર્ચ સેવા કાર્ય કરવામાં આવ્યું હતું કાઠી સમાજમાં સાડા ત્રણ દિવસના નકોરડા ઉપવાસ ની પરંપરા હોય છે ધણા લોકો આ દિવસે ઉપવાસ કરતાં હોય છે પરંતુ કેટલાક લોકો સુરજ દેવળ જઈ શકતા નથી તેથી જરૂરીયાતમંદ પરિવારને ગાય માતાની સેવા રૂપે માછલીને મમરા બાળકોને આઈસ્ક્રીમ નાસ્તો ગાય માતાને નિરણ વિતરણ કરવામાં આવ્યું હતુ.

### અમરેલીનાં સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી

## પ્રેમલગ્નમાં પછડાટ બાદ પરિણીતાને રાજસ્થાન સુધી પહોંચતી કરવામાં આવી

### રાજસ્થાન પોલીસમાં સહયોગથી જહેમત સફળ રહી

અમરેલી, તા. ૨૪

બગસરા બસ સ્ટેન્ડમાં છેલ્લાં ૧૫ દિવસથી માંગીને પેટ ભરતી ગર્ભવતી મહિલા તેના ૩ વર્ષના દીકરા સાથે ભટકતી હતી જે અભ્યમ ૧૮૧ દ્વારા અમરેલીના સખી વન સ્ટોપ સેન્ટર પર લાવતા મહિલા અને બાળ વિકાસના અધિકારી શૈલેષભાઈ કણજારીયાના માર્ગદર્શન તળે સખી વન સ્ટોપ સેન્ટર અમરેલીના કેન્દ્ર સંચાલક રત્નાબેન ગૌસ્વામીએ પીડિતા મહિલા પાસેથી સમગ્ર વિગતો મેળવી ત્યારે રાજસ્થાન રાજયની આ મહિલા હોવાની વિગતો પ્રાપ્ત થયેલ હતી આજથી ૭ વર્ષ પહેલા આ પીડિતા પ્રેમી સાથે પરિવારની વિખૂટી પડીને નાસી છૂટી હતી ને બગસરા ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજૂરી કરીને ગુજરાન ચલાવતા હતા બાદ થોડા સમય પહેલા પીડિતાના પ્રેમી અન્ય મહિલાને લઈને નાસી જતા પીડિતા ૩ વર્ષના બાળક અને ૮ માસ જેટલા ગર્ભ ધારણ કરેલી મહિલા પર ઉપર આભ નીચે ધરતી જેવો ઘાટ સર્જાયો હતો ને પરિવાર સાથે સંપર્ક પણ ન્હતો આથી પ્રથમ સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલક રત્નાબેન ગૌસ્વામી દ્વારા પીડિતાના પરિવાર સાથે વાત કરીને આખી આપવીતી જણાવેલ હતી ત્યારે પીડિતાની માતા અને ભાઈઓએ ગરીબ અને દારૂણ પરિસ્થિતિ હોય ત્યારે પીડિતાને રાજસ્થાન રાજયમાં પોતાના ઘર સુધી પહોંચાડવામાં આવે તેવી આશાઓ ભરી અપેક્ષાઓ કેન્દ્ર સંચાલક સમક્ષ મૂકીને કેન્દ્ર સંચાલક મહિલા ગર્ભવતી પીડિતા સાથે ૩ વર્ષના બાળકને લઈને રાજસ્થાનમાં વ્હેલી સવારે ૪ કલાકે પહોંચ્યા હતા ત્યારે પીડિતાના ભાઈ અને પરિવારજનોના મોબાઈલ બંધ આવતા હતા આથી રાજસ્થાન પોલીસનો સંપર્ક કરીને છેક પીડિતાના ઘર સુધી સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલક પીડિતાને લઈને પહોંચ્યા હતા ત્યારે પરિવારમાં પરત પહોંચેલી દિકરી જોઈને માતા અને ભાઈઓ હરખથી પીડિતાને સ્વીકારીને અંતરના આશીર્વાદ સખી વન સ્ટોપ સેન્ટરના અધિકારીઓ અને સંચાલકોને આપ્યા હતા ત્યારે સરકાર દ્વારા મહિલાઓને ન્યાય સાથેની સુરક્ષા માટે હંમેશા ૨૪ કલાક અને ૩૬૫ દિવસ કાર્યરત રહેતું સખી વન સ્ટોપ સેન્ટર અમરેલીની કામગીરીઓ સોનામાં સુગંધ સમાન બની હતી કેન્દ્ર સંચાલક રાજસ્થાન સુધી સંગાથે જઈને ગર્ભવતી મહિલા માટે કામ કર્યુ તે કાબિલેદાદ રહ્યું હતું ને અધિકારીએ બિરદાવ્યું હતું.













# જય હો : અમરેલી જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમાર અને તાલુકા પંચાયતની બેઠકોનાં ભાજપનાં ઉમેદવારોને જબ્બરૂ સમર્થન







અમરેલી જિલ્લા પંચાયતની ચૂંટણીને હવે ગણતરીની કલાકો બાકી રહી છે. તે સમયે જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં યુવા ઉમેદવાર ડેનીભાઈ પરમાર અને અમરેલી તાલુકા પંચાયતની બેઠકનાં રેખાબેન ચંદુભાઈ ભંડેરી, અંબાબેન મુકેશભાઈ રૂપાવટીયાની તરફેણમાં પીપળલગ અને માંગવાપાળ ગામે વિશાળ સભા યોજાઈ હતી. જેમાં પીપળલગ ગામે પ્રદેશ ભાજપ ડિબેટ પ્રવકતા શૈલેષ પરમાર, શિક્ષણ સેલ કન્વીનર મુકુંદભાઈ મહેતા, તાલુકા પંચાયતનાં પૂર્વ સદસ્ય ગુણવંતભાઈ સાવલીયા, પીપળલગનાં સરપંચ રણજિતભાઈ વાળા, તાલુકા પંચાયતનાં પૂર્વ સદસ્ય મહેન્દ્રભાઈ દેસાઈ, રીકડીયાનાં સરપંચ નરૂભાઈ વાળા, રીકડીયાનાં ઉપસરપંચ બટુકભાઈ કોઠારી, પીપળલગનાં ઉપસરપંચ ભરતભાઈ પાનેલીયાએ ઉપસ્થિત જનમેદનીને ભાજપ તરફી મતદાન કરવા હાંકલ કરી હતી.

જયારે, માંગવાપાળ ખાતે યોજાયેલ વિશાળ જનસભામાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, શિક્ષણ સેલ કન્વીનર મુકુંદભાઈ મહેતા, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય ગુણવંતભાઈ સાવલીયા, માંગવાપાળ સરપંચ વિપુલભાઈ સેંજલીયા, માંગવાપાળ ઉપસરપંચ બાલાભાઈ રૂપાવટીયા તેમજ વિશાળ જનમેદની ઉમટી પડી હતી.


સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એક્સરે ક્લિનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Senologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી
ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૬૪૯૧

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
MAHAJAN REAL ESTATE
મિલ્કત લે - વેચ
મિલ્કતની ઈન્ડેક્સ | નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ | મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન) | મિલ્કતનો ભાડા કરાર
મિલ્કતનો ઈ-સર્વે (DGPS) | મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
મિલ્કતનું રિનોવેશન | મિલ્કતનું ઈ-માર્કેટીંગ
રિ-ડેવલોપમેન્ટ | મિલ્કતનું જીઓ-ટેગીંગ
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
SPECIAL OFFER EXCLUSIVE SALE LIMITED TIME ONLY
₹2500* ₹3000* ₹3000* ₹2100*
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

HONDA
SPECIAL OFFER EXCLUSIVE SALE LIMITED TIME ONLY
OFFER TILL - 15/04/2026
DISCOUNT ₹5100* DISCOUNT ₹10000* DISCOUNT ₹5000* DISCOUNT ₹3500*
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

# આધ્યાત્મિક ઉન્નતિ સેવા અને સાધના દ્વારા જ શકય છે


## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

જગતમાં ઉન્નતિ સૌને કરવી છે જોઈએ છે પારીવારિક રીતે નાણાની–માન–પદ–વૈભવ વિગેરેમાં ઉન્નતિથી અપેક્ષા છે દા.ત. આ બધામાં ઉન્નતિ થઈ ગઈ પણ ખાટલે મોટી ખોટ એક પાયો જ નથી હોતો અમે... રીતે માણવાની જે સાચી ઉન્નતિ છે એ તો સાવ ભૂલાય જ ગઈ. એ ઉન્નતિ છે માનસિક શાંતીની આ માનસીક શાંતિની ઉન્નતિ માત્રને માત્ર ત્યારે જ પ્રાપ્ત થાય જયારે આપણી ઉન્નતિ માત્રને માત્ર ત્યારે જ કરવી જ રહી. એ બહારથી વેચાણી નહિ મળે. બહાર ભટકવાથી પણ નહિ મળે. એને તો પ્રાપ્ત કરવી પડશે. આ સાધના શું છે ? કેમ થઈ શકે ? શું કરવું પડે ? એ માટે જૈન ધર્મના સાધકને વિચારક મહેશ મહેતાનાં વિચારો જાણવા પડશે. આવો જાણીએ ને અનુસરવી પ્રયત્નશીલ બનીએ.

સાધનાનો અર્થ છે પોતાના ગુણ, કર્મ અને સ્વભાવને સાધી લેવા. મનુષ્ય ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકતાં ભટકતાં બધાં જ પ્રાણીઓના કુસંસ્કાર પોતાની અંદર ભેગા કરે છે. આ કુસંસ્કારોને દૂર કરી સુસંસ્કારો અપનાવી લઈએ તેને સાધના કહે છે. કાચી ધાતુઓને જેવી રીતે અગ્નિમાં ઓગાળીને શુપ્રધ કરવામાં આવે છે એ જ રીતે મનન દ્વારા, દઢ મનોબળ દ્વારા આપણા દુર્ગુણોને દૂર કરી સદ્‌ગુણોની વૃદ્ધિ



કરવી એને જ સાધના કહે છે.

એના માટે આપણે નિત્ય આત્મનિરીક્ષણ કરવું જોઈએ. પોતાની ભૂલોનું ધ્યાન રાખવું જોઈએ અને એમને સુધારવા માટે કમર કસવી જોઈએ. આપણા સ્વભાવમાં જે ઉણપ છે એને દૂર કરવા સતત પ્રયત્ન કરવો જોઈએ. આ આત્માના વિકાસની પૂર્વભૂમિકા છે. આપણે આપણી સંકુચિતતા છોડી દેવી જોઈએ. અહંકારનો અને સ્વાર્થવૃત્તિ પ્રત્યે જાગૃત દષ્ટિ રાખી સમાજના હિત માટે ત્યાગ કરવો જોઈએ. બીજાના દુ:ખને આપણું દુ:ખ સમજીને દૂર કરવું જોઈએ. બીજાનું સુખ જોઈ આપણે ખુશ થવું જોઈએ. આવી વૃત્તિનો વિકાસ જો આપણામાં થાય તો જીવન સાધનાનો પ્રયત્ન સફળ થયો કહેવાય, તો જ આપણને સાધનાથી સિધ્ધિ મળી શકે. દેવી દેવતાઓની ઉપાસનાથી સિધ્ધિ મળે કે ન મળે, પણ જીવનસાધનાનું ફળ ચોક્કસ મળે છે. જીવનસાધનાથી ભૌતિક તેમજ આધ્યાત્મિક બંને ક્ષેત્રે લાભ મળે છે.

સેવામાં અર્થ સંયમનું મહવ છે. અર્થ એટલે ધન. ધન અને ધનનો સંયમ પણ મહવનો સંયમ છે. પૈસાનો ઉપયોગ તો મોજશોખથી માંડીને કેટલાય કામોમાં, વ્યસનોમાં તથા અનાચારોમાં કરીએ છીએ. જો આપણે એને ખોટા ખર્ચમાંથી બચાવીને કોઈ સારા કાર્યમાં વાપર્યુ હોત તો આપણે ભેતિક તેમ જ આપ્રયાત્મિક ઉન્નતિમાં ખૂબ આગળ વધી શક્યા હોત. ઈન્દ્રિયસંયમ, અર્થસંયમ, સમયસંયમ અને મનનો સંયમ આ ચારેય સંયમ પાળી શકીએ તો આપણે શકિતશાળી બની શકીએ. સંયમશીલ બનવા માટે અસ્વાદ વ્રત કરવું જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. મેનનો અભ્યાસ કરવો જોઈએ. આવા બધા સંયમ પાળી આપણે તપસ્વી બની શકીએ છીએ. આપણી શકિતને બચાવી એને સારા કામમાં વાપરી આપણે આત્માની ઉન્નતિ કરી શકીએ છીએ. માણસની સામે અસંખ્ય સમસ્યાઓ છે અને એ અસંખ્ય સમસ્યાઓનું સમાધાન એ છે કે આપણે આપણી આંતરિક સ્થિતિ, આપણો દષ્ટિકોણ બદલાવીએ. જો આપણો દષ્ટિકોણ ખોટો હોય તો આપણું વર્તન ખરાબ થઈ જાય છે અને એનું ફળ પણ દુ:ખદાયક હોય છે. કષ્ટદાયક પરિસ્થિતિને નિવારવા માટે માણસે પોતાનું ચિંતન ઉચ્ચ કક્ષાનું બનાવવું જોઈએ.માણસ સમાજનો ૠણી છે કારણ કે માણસ સામાજિક પ્રાણી છે. ભગવાને એને એટલા માટે જન્મ આપ્યો છે કે વિરૂપી બાગની સેવા કરી શકે, માણસના જીવાત્માના વિકાસ માટે અને જીવનના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સેવાથી મોટું કોઈ પુણ્ય નથી. આપણે પણ સેવા કરવા માટે સમય ફાળવવો જોઈએ. બધો જ સમય માત્ર આપણા માટે જ ખર્ચી કાઢવો જોઈએ નહિ, પણ આપણા દેશ, સમાજ અને સંસ્કૃતિની સેવા કરવા માટે પણ સમય વાપરવો જોઈએ. આપણો સંયમ એવો હોવો જોઈએ કે આપણી શકિત અને આપણા ધનનો એક અંશ દીનદુ:ખિયાઓ અને પીડિતો માટે વાપરતા રહીએ. જ્ઞાનયજ્ઞથી મોટું કોઈ પુણ્ય નથી. એને બ્રહ્મદાન પણ કહેવામાં આવે છે. સેવાનો એ સર્વોત્તમ ધર્મ છે કારણ જ્ઞાનયજ્ઞથી આપણે મનુષ્યને દિશા દર્શાવી શકીએ છીએ. જેનાથી તેઓ કુટેવોથી બચી શકે છે અને ઉન્નતિના માર્ગે આગળ વધી શકે છે. જ્ઞાન, વિચારણા અને ભાવના આ જ શક્નિો અંશ છે. એટલા માટે બ્રાહ્મણ અને સાધુ હંમેશા જ્ઞાનયજ્ઞને જ સર્વોત્તમ સેવા માનીને એમાં રત રહે છે અને એવો પ્રયત્ન કરે છે કે પોતે સારા બને અને પોતાની સજ્જનતા બીજાને પણ આપે. એટલા માટે આપણે અંશ માત્ર દાન પણ કરવું જ જોઈએ. સેવા માટે એક કલાકનું સમય દાન અને એક રૂપિયો અંશ દાન દરરોજ નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. આપણામાંથી કોઈપણ વ્યકિત એવી ન હોવી જોઈએ કે જે સેવા માટે એક કલાકનો સમય અને એક રૂપિયા જેવી નાનામાં નાની સેવાની શરત પણ પૂરી ના કરી શકે. આના કરતાં પણ વધારે કાર્ય કરવાનો ઉત્સાહ આવે એવી હું તમારી પાસે અપેક્ષા રાખું છું.

આપણે માત્ર ભૌતિક જીવન નજીવીએ, પરંતુ આધ્યાત્મિક જીવન પણ જીવીએ. આપણી ક્ષમતા અને સમયનો ઉપયોગ માત્ર પેટ ભરવા પૂરતો જ ન કરીએ. લોકમંગલ અને લોકહિત માટે પણ ધન અને સમયનો સદુપયોગ કરીએ. આ રીતે આપણે આપણી આધ્યાત્મિક ક્રાન્તિ કરી શકીએ છીએ, આત્માની શુધ્ધિ અને આપણામાં પરિવર્તન લાવી શકીએ છીએ. જો આપણે આપણામાં સુધાર લાવી શકીએ તો સમાજમાં સુધાર અને પરિવર્તન આણી શકીશું. દૈનિક જીવનમાં આ સંયમ લાવી આપણે આધ્યાત્મિક ઉન્નતિ સાધવી જોઈએ. સાધના, સ્વાદયાય, સંયમ અને સેવાને નિયમિત રૂપે જીવનમાં ઉતારીએ એજ આપણા સૌ પ્રત્યે મંગલકામના.



# બાલ એકસપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## ' 'બા ન ખાય તો હું ખાઈશ' ' – બળવંતસિંહ – મુકુલ કલાર્થી



### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી



બા બહુ સારી રસોઈ કરી જાણતાં. બાપુજીએ જયારથી પોતાના જીવન વ્યવહારમાં અસ્વાદવ્રત દાખલ કર્યું ત્યારથી બાની એ કળા નકામી જેવી થઈ ગઈ હતી. છતાં બા કોઈ વાર કોઈ ને કોઈ ચીજ બનાવતાં તો ખરાં જ. સારી સારી વસ્તુઓ ખવડાવવાનો તથા ખાવાનો તેમને શોખ હતો. બાની છેલ્લી માંદગી વેળ ાએ પણ આગાખાન મહેલમાં ડો. ગિલ્ડરના નાસ્તાને માટે મનુબહેન પાસે બા રોજ કાંઈ ને કાંઈ કરાવતાં.

એક દિવસ બાએ મનુબહેનને પૂરણપોળી બનાવવાનું સૂચવ્યું અને કહ્યું : "આજ તો હું પણ પૂરણપોળી ખાઈશ. બાપુજીને પૂછી આવ કે તમે લેશો ?"

બાની તબિયત નબળી હતી અને બા ભારે વસ્તુ ખાય તો હૃદયના ધબકારનો હુમલો થઈ આવે એમ હતું. એટલે મનુબહેન જયારે બાપુને પૂછવા ગયાં, ત્યારે બાપુએ આ વાતનો ખ્યાલ કરીને કહ્યું : "બા ન ખાય તો હું ખાઈશ."બાને નિશ્ચય કરતાં એક પળ પણ વાર ન લાગી. બા કહે : "તો ભલે, હું નહીં ખાઉં."

પછી પાસે બેસીને બાએ બાપુને માટે તેમ જ બીજાં બધાંને માટે પૂરણપોળી બનાવરાવી; સૌને ખવડાવી અને પોતે જરાક ચાખી પણ નહીં.

## ગુણોનો પ્રભાવ


એક વખત શીલુ ભમરાની પાંખમાં ઘા પડ્યો. માની બોલી, "શીલુ ભાઈ ! તમારૂં ઘર તો ઘણું દૂર છે. તમારી પાંખમાં ઘા પડી જવાથી તમે ઘેર કેવી રીતે જશો ? આજે મારી સાથે ચાલો.

શીલુને એ વાત ગમી ગઈ. તે ધીરે ધીરે ઊડતો ઊડતો માનીની સાથે ચાલ્યો. એનું ઘર આંબાની ટોચપર હતું. શીલુથી ત્યાં સુધી ઊડી શકાય તેમ ન હતું. તેથી માની બોલી, "તમે અહીં બેસો. હું તમારા માટે મીઠું મધ લાવું છું."

એમ કહીને માની પોતાના ઘરમાં જતી રહી. ભમરો ઝાડ નીચે બેસવા લાગ્યો. ત્યાં આગળ ખેડૂત પણ પોતાના છોકરા સાથે બેઠો હતો. ભમરાનું સંતુલન બગડી ગયું અને તે ખેડૂતના છોકરા પર પડ્યો. શીલુનો ડંખ એના ગાલમાં લાગ્યો અને લોહી નીકળ્યું. ખેડૂતે રૂમાલથી તેને મારતાં કહ્યું કે ' કોણ જાણે ક્યાંથી અહીં મરવા આવ્યો છે ?'ભમરો ત્યાંથી ઝડપભેર જીવ લઈને નાઠો. એને ઘણું દુ:ખ થયું કે જયાં જાય છે ત્યાંથી એને નાસવું પડે છે. કોઈ માણસ એને પ્રેમથી બોલાવતું નથી કે એની સાથે નથી વાતો કરતું. ભમરો નિરાશ થઈને તળાવ પાસેના ઝાડ પર જઈને સૂઈ ગયો.

બીજે દિવસે માની એને શોધતી શોધતી ત્યાં આવી પહોંચી. આવતાં જ તે બોલી – "વાહ મહાશય ! તમે પણ ખરા છો? કાલે તમારે માટે હું ખાવાનું લઈને આવી પણ તમે તો મળ્યા જ નહિ."

શીલુ ભમરાએ દુ:ખી મન સાથે કાલે બનેલી બધી જ વાત કહી. તે બોલ્યો "માનીબહેન, એક વાત પૂછું તો ખોટું તો નહિ લાગે ને !" નહિ નહિ કહો શું પૂછવું છે ?



### બાળ નિર્માણની વાર્તાઓ

ડો.આશાબહેન એ.શાહ – સરસિજ



રડવા જેવો થઈને પૂછતો હતો.

માની થોડી ગંભીર થઈને બોલી, "ભાઈ ! તમે સુંદર છો તેથી શું ? તમારી સુંદરતાથી બીજાને શું લાભ છે ? સુંદરતા ક્ષણભર આકર્ષિત કરે. ખરેખર, કાયમનું આકર્ષણ તો ગુણોનું છે. ગુણવાનને સન્માન છે. હું કદરૂપ છું તેથી શું ? મનુષ્યોને કેટલો બધો લાભ આપું છું, એનો તમે વિચાર કર્યો છે ખરો ? હું જે મધ બનાવું છુંતે હજારો કામમાં આવે છે. હું ડંખ મારૂં તેથી શું ? સમાજના લાભોનો હું વધુ વિચાર કરૂ છું. તેથી મારી બૂરાઈ ઢંકાઈ જાય છે." ભમરો સમજી ગયો. તે વિચારવા લાગ્યો કે હું કેવી રીતે સમાજને વધુ ઉપયોગી બની શકું. છું.

માનીએ કહ્યું.

"મારામાં અને તમારામાં ઘણી સમાનતા છે. હું કાળો છું. તમે પણ કાળાં છો. મને પાંખ છે, તમારે પણ પાંખ છે. હું ડંખ મારૂં છું, તમે પણ મારો છો. પણ એવું કયું કારણ છે કે હું જયાં જાઉં છું ત્યાં માણસો મને ધિક્કારીને કાઢી મૂકે છે. તમને તો તેઓ ઘરમાં પાળીને રાખે છે. જોવામાં આવે તો હું સુંદર છું પણ માઢં આટલું બધું અપમાન કેમ થાય છે ? તમે એક રીતે કુરૂપ છો, છતાં પણ તમને બધા પ્રેમ કરે છે. શા માટે ? તમને જ કેમ પાળે છે ?" ભમરો


## નવી દીવાળી

ફટાકડા, રંગોળી, મીઠાઈ, મઠિયાં અને સુંવાળી, એ સઘળાંથી મનાવીએ છીએ વર્ષોથી દિવાળી, ચાલો, દોસ્તો, નવલી રીતે ઉજવીએ દિવાળી. કોઈ ઝૂંપડે, કોઈ કૂબે હોય ગરીબી કાળી, દઈ મીણબત્તી, મીઠાઈ થોડી, મઠિયાંની દઈ થાળી ઉજવીએ નવી દિવાળી – હોય ગામમાં અનાથ, જેની જિંદગી ઓશિયાળી, ઉજવણીમાં સાથે લઈએ, લેતાં–દેતાં તાળી ઉજવીએ નવી દિવાળી વૃદ્ધાશ્રમમાં દાદા–દાદી ઝૂરે જિંદગી ગાળી, ખૂબ કરાવી મોજ દઈએ ઝૂરાપાને ટાળી. ઉજવીએ નવી દિવાળી દિવાળી–નવ વર્ષે લઈએ કશી પ્રતિજ્ઞા નિરાળી ભણીગણી થઈ ઉત્તમ માનવ દઈશું દેશ ઉજાળી ઉજવીએ નવી દિવાળી

**– યશવન્ત મહેતા**

## રંગો

ગોળ (Round) : ગોળ



અને લાલ રંગથી બનેલાં આવાં ચિહનોને આદેશાત્મક નિશાનીઓ અથવા ફરજિયાત નિશાનીઓ (Mandatroy Sign/Compulsory) કહેવાય છે. સામાન્ય રીતે આ આકૃતિમાં એક ચિત્ર દોરેલું હોય છે અને તે ચિત્ર ઉપરથી એક લાલ રંગનો આડો પટ્ટો દોરેલો હોય છે. આનો અર્થ એમ થાય કે દર્શાવેલ ચિત્રની





ક્રિયા કરવા પર સરકારે પ્રતિબંધ મૂકયો છે. આવા પ્રતિબંધની અવગણના કરવા બદલ ચાલકને દંડ કે સજા અથવા બને થઈ શકે છે. જયારે ગોળની અંદર સંખ્યા દર્શાવેલ હોય તો તે નકકી ગતિ મર્યાદા અથવા રોડની પરિસ્થિતિ દર્શાવે છે.

## જંગલ મેન

એના લાંબા ડગલાના લાંબા ખિસ્સામાં કેટલીક જંગલી વનસ્પતિ હતી. ટીમઢ અને કરમદાં જેવાં જંગલી ફળો હતાં. એ બધું નેસમાં વૃદ્ધો જયાં બેઠા હતાં ત્યાં ઠાલવીને ચૂપચાપ જતો રહ્યો. મોંઘામૂલી જંગલી વનસ્પતિને જયારે વડીલોએ ઓળખી ત્યારે દિંગ્મૂઢ બની ગયા ! સાચ્ચે જ આ કોઈ પ્રેત તો નહિ પણ રહસ્યમથી માણસ તો છે જ. ઘણા એમને પૂછવા બોલાવવા કોશિશ કરે પરંતુ એ અહીંની ભાષાનો અજાણ હોય એવું લાગતું માત્ર સ્મિત આપતો. બાળ કોને પાસે બોલાવતો પણ ડરના માર્યા બાળકો પાસે તો જતાં જ નહિ ! એને દૂરથી આવતો જોઈને જ બાળ કો સંતાઈ જતાં..!ઘણા પ્રવાસીઓ અહીં નેસની મુલાકાત લેતા, સિંહદર્શન માટે થોડે સુધી જંગલમાં જતા. વળી અહીંના આ જંગલી માણસની વાત સાંભળી એને મળવા આતુર રહેતા, પણ લગભગ કોઈ પ્રવાસી એને મળી શક્યો નથી. મોટાભાગે એ વહેલી સવારે કે મોડી સાંજે, મહિને દા'ડે એકવાર નીકળે.

પણ એક ભણેલા યુવાન પ્રવાસીને આ જંગલી માણસનો ભેટો થઈ ગયો. એને વાત શરૂ કરી પરંતુ ભાષાનું માધ્યમ ટૂંકું પડયું. ઈશારાથી વાતનો દોર લંબાયો. પેલા યુવાને જંગલમાં સાથે આવવાની તૈયારી બતાવી. ત્યારે એ જંગલી માણસ ચાલવા માંડ્યો. પરંતુ એ જ દિવસે મોડી સાંજે પહાડી પર ચડીને દૂરબીનથી ગાઢ જંગલમાં નજર નાખતાં યુવાનને જોયો એટલે પેલો જંગલી માણસ તેની નજીક ગયો. અને ઈશારાથી પોતાની સાથે આવવાનો સંકેત આપ્યો. અંધારૂ થવા આવ્યું હતું એટલે હવે આમ તો નજીકની વાડ સુધી પણ ના જવાય, રાત્રે અહીં સુધી હિંસક પ્રાણીઓ આવી જતાં હોય છે. એવું નિવેદન આપી નેસનાં લોકોએ અટકાવ્યો. વળી, એનો લાંબો ડગલો યુવાનને પહેરાવ્યો અને ડગલાના લાંબા ખિસ્સામાંથી એ જ રંગનું



જાકીટ કાઢીને પોતે પહેરી લીધું. ત્યારે કેટલાક અંધશ્રદ્ધાળુ માણસોએ એને ચેતવ્યો પણ ખરો ...પણ આ સાહસી યુવાને તો આ રહસ્યમયી જંગલી માણસ સાથે જવાનું બીડું ઝડપ્યું ! પંદર દિવસ સુધી એ અજાણ્યો યુવાન કે જંગલી માણસ દેખાયા નહિ, લોકોએ તો માની પણ લીધું કે નક્કી એ યુવાનનું ભક્ષણ થઈ ગયું અથવા પેલા જંગલી માણસ સાથે ગુમ થઈ ગયો. પણ પંદર દિવસના રઝળપાટ પછી યુવાનને સમજાયું કે આ કોઈ સામાન્ય કે જંગલી – રહસ્યમયી માણસ નથી, આ તો જંગલી પ્રાણીઓની આંખો પર રિસર્ચ કરનારો મહાન સંશોધક છે ! અત્યાર સુધીમાં એણે કેટલાંય જુદાંજુદાં જંગલી પ્રાણીઓની આંખો અને એને દેખાતા મુખ્ય રંગો પર અભ્યાસ કરીને પ્રાણીઓ સાથે રહ્યો છે. એના સામાન્ય અસામાન્ય દેખાતા લાંબા ડગલામાં અને જેકેટમાં ફકત પ્રાણીઓને રાતે કે દિવસે દેખાય એવા રેડિયમ રંગોના તાર ફિટ કરાવ્યા છે. એટલે મોટાભાગનાં પશુઓ ડગલાની આગ જેવો ચમકતો રંગ જોઈને ભાગે છે. જે રંગ આપણે જોઈ શકતાં નથી ! આખી જિંદગી કુદરત સાથે કુદરતી ખોરાક સાથે મૌનમાં અને મસ્તીમાં વિતાવી એટલે એમણે ઉંમરને પણ માત આપી.નેસના માણસોને પ્રેતાત્મા જેવો લાગતો માણસ કેવો મોટો માણસ છે, એને મળ્યાનો આનંદ મળ્યો. એની સ્મૃતિઓ વાગોળવા લાગ્યા. ત્યારે અજાણ્યો યુવાન હવે આ જંગલી માણસ અને એની શોધને દુનિયામાં હાઈલાઈટ કરવાના પ્રયાસો શરૂ કર્યા.



બાલમિત્રો,

તમે "પ્રેમાદ" શબ્દ સાંભળ્યો છે ? નથી સાંભળ્યોને ? હું કરૂ, પ્રમાદ, એટલે "આળસ" આ આળસ શબ્દથી તમો પરિચિત જ છો. તમારે આ શબ્દ વારંવાર સાંભળવો પડતો હશે. એ આળસુ, આ બેઠો આળસુનો પીર આળસ તો એના લોહીમાં છે. વિગેરે આવું સાંભળતાં આપણે દોડીને કામે લાગતા હોઈએ છીએ. અથવા એમ માનીને પડયા રહીએ, ઉઠાય છે. શું ઉતાવળ છે. કામ તો થશે જ ને ?



સવારની સ્કુલ હોય, મા બીચારી ઉઠાડી ઉઠાઠી થાકી જાય પણ આપણે પથારીમાંથી ઉભા જ ન થઈએ. અને પછી શું થાય એ તમે જાણતા હશો. દોડ દોડ બધુ પતાવાનું, દફતર, યુનિર્ફોમ, પુસ્તકો, નાસ્તો બધું જ કરવાનું હોય, આવું જ લેખનનું પણ હોય, પછી જીવનમાં આળસ વણાઈ જાય, આપણાને લેબલ લાગી જાય, મયુર તો છે આળસુંનો પીર પેલી કહેવત છે ને " જે સુતા રહે એનું ભાગ્ય પણ સૂતું જ રહે. વહેલા ઉઠે તો ભાગ્ય પણ સાથ આપે...

## ઈલાજ

હકીમે બાદશાહની સામે નજર કરી. એની આંખોમાં જોતાં એવું જણાયું કે બાદશાહ આપેલું વચન પૂરૂ નહિ કરી. એમ છતાંયે એ કાંઈ ન બોલ્યો. સલામ કરીને પોતાને ઘેર ચાલ્યો ગયો. બાદશાહ તરફથી એને કાંઈ ન મળે, તેની એ પરવા કરે તેવો નહોતો પણ એનો નિયમ હતો કે ધનવાન પાસેથી પૈસા લેવા ને ગરીબોને વહેંચી દેવા. હકીમ વિચારતો હતો : 'મારા નિયમનું શું ? વળી બાદશાહ જ જો દગો કરે, તો આમ આદમી શું ન કરે ?' હકીમને એ રાતે ઊંઘ ન આવી. એ પડખાં ઘસતો રહ્યો ને અમીર માણસના દિલની ગરીબાઈ વિશે વિચારતો રહ્યો. બીજે દિવસે બાદશાહનો નોકર આવીને હકીમ અફંદીને એક ભારે થેલી આપી ગયો. એના ગયા પછી હકીમે થેલીમાં નજર કરી તો એની આંખો પહોળી થઈ ગઈ.' આ શું ? થેલીમાં સોનાને બદલે તાંબાના સિક્કાઓ હતા. બાદશાહે વચન પાળ્યું નહિ અને એની સાથે દગો કર્યો. બાદશાહને કોણ કહે ? બાદશાહની ફરેબીથી એનું મન ભાંગી ગયું, પણ થાય શું ? ધીરેધીરે હકીમે એ વાતને મનમાંથી ખંખેરી નાખી. વખત પસાર થયો. હકીમ એ વાતને ભૂલી ગયો, પણ ખુદા એ વાતને ભૂલ્યો નહિ ! અલ્લાહે જૂની વાતનું વેર લેવા માટે હકીમના હાથમાં બીજો મોકો મૂક્યો.વાત એમ બની કે બાદશાહના દાંતમાં જોરદાર પીડા ઉપડી. એ વખતે ય રાજયભરના હકીમોને બોલાવવામાં આવ્યા, પણ એની પીડા કોઈ મટાડી ન શકયું.બાદશાહને બેહદ પીડા થતી હતી. ન ખવાય, ન પીવાય, ન બેસાય, ન સૂવાય એવી ભયંકર પીડા ! એ એકદમ આકળવિકળ બની ગયો. એને ન તો દિવસે ચેન પડે કે ન રાતે.છેવટે બાદશાહને હકીન અફંદીને બોલાવવાનો વિચાર આવ્યો. એણે કણસતાં–કણસતાં કહ્યું :

'અરે ઝટ કરો. અફંદીને જલદી બોલાવો. એણે મારી બેટીનો સાજી કરી હતી. એ મારી પીડા પણ ટાળશે.'અફંદી હકીમને ત્યાં વજીર જાતે ગયો ને બોલ્યો :

'હકીમજી, બાદશાહે તમને તાબડતોડ બોલાવ્યા છે. એમના દાંતમાં ભયંકર પીડા થાય છે. એ પીડાને રાજયનો કોઈ હકીમ દૂર કરી શક્યો નથી. તમે જાતે આવીને દવા આપો.'હકીમને જૂની વાત યાદ આવી ગઈ. સોનાને બદલે તાંબાના સિક્કાઓ મોકલીને કરેલું અપમાન યાદ આવ્યું.હકીમ ભારે ચતુર હતો. બાદશાહને પાઠ ભણાવવાનો મોકો ખુદાએ એને આપ્યો હતો, તે એ એળે જવા દેવા માગતો નહોતો. એણે વિચારીને હસતાં–હસતાં કહ્યું :'અરે, દાંતની પીડા તો મામૂલી વાત છે. એમાં મારે મહેલે આવવાની બિલકુલ જરૂર નથી. હું આપણાં ઉદાર અને દયાળ બાદશાહ માટે દવા બનાવી આપું છું. એ દવા એમને ખવડાવી દેજો. તેઓ તરત જ સાજા થઈ જશે.'

### સંસ્કાર ગાથા



શ્રી ગિજુભાઈ બધેકા



પૂ.શ્રી મુકતાનંદ બાપુ

## ટાબરીયાનું જંગ : ડરી ડરીને જીવવું નહીં

ડરી ડરીને જીવવું મૈં ભૈ ડરી ડરીને જીવવું નેં; મરી મરીને જીવવું મૈં ભૈ મરી મરીને જીવવું મૈં.અભયનો સંદેશો લઈને આવેલી અજીબોગરીબ સવાર ઊગી હતી. પક્ષીઓની સાથે જ બાળકો જાગી ગયાં. પંખીઓની જેમ જ કલબલાટ શરૂ કરી દીધો. જીપગાડીનાં દરવાજા ખોલીને બહાર ભમવાં માંડ્યાં."ડરી ડરી જીવવું કેમ ફાવે ભઈલા ? પળ પળ મરવું સારૂં નહીં બે'ના." દિશાએ આગળ ગાયું. ને જંગલનું વાતાવરણ પંખીનાં પીંછા જેવું હળ વુંફૂલ થઈ ગયું. હીરોએ પણ આ...આ...આ...આ... ના આલાપ દ્વારા સૂર પૂરાવ્યો. સૌએ કડવી કરંજની ડાળખીનું દાતણ મોજથી કર્યું. કોગળાં કરીને કાવો પીધો. કડવું દાતણ, તીખો કાવો પછી વારો આવ્યો મીઠાં ગોળનો. સીંગદાણાને ગોળ ! વાહહહહહહહ ! મજો પડી ગયો ! "ચાલો, હવે કોતરે નાહવા જઈએ. તૈયારી કરો," હીરોને જીપમાં રમતો મૂકી દઈને ધરાએ સાબુ કપડાં, બ્રશ વગેરે સમેટતાં જઈને કહ્યું. વિશુએ ક્યાંક છૂપાવેલી પિસ્તોલ કાઢી. સાથે પ્લાસ્ટિકની ગોળીઓની કોથળી હતી. છરો કાઢ્યો. દિશાએ ગિલોલ કાઢી. હીરોએ ભાંખોડિયા ભર્યું ને એક પેકેટ ખેંચી કાઢ્યું."ઓહો ! પપ્પાએ કેટલી બધી કાળજી રાખી છે ! હીરો માટે પેમ્પરનું પેકેટ. રાત્રે પહેરાવીશું. તો તૈયાર બધાં ? ગાડી લોક કરી દઈએ ને ?" ધરાએ પૂછ્યું."ભલે, બંધ કરી દો, મારે પણ ગાડી લાક કરતા શીખવું પડશે." દિશા બોલી."ચોક્કસ. આજે કપડાં ધોતાં પણ શીખી જજે. એટલે કાલથી મારે રજા." ધરાએ આંખો પટપટાવી."અરે બાપ રે ! એ બધું મોટેરા કરશે. હું નાનકી નહીં ?" દિશાએ ચાળો કર્યો.ટાબરિયાંઓને જોઈને વહેળો પણ અધિકા જોસથી વહેવા માંડ્યો. ખળખળ વહેતું પાણી જોઈને હીરો દિશા પાસેથી છટકીને પાણીમાં ભૂસકો મારવો હોય એવા ધમપછાડા કરવા લાગ્યો. વિશુએ તેને ઝાલ્યો. પાણીમાં પગ બોળીને બેસી રહે એમ ગોઠવ્યો. દિશા ધરાને મદદ કરવા લાગી. પછી છીછરા પાણીમાં એકબીજાંને પાણી ઉડાડતાં રમત ગમત કરવા લાગ્યાં. પાણીમાં માછલાં પણ ઉછળકૂદની રમત રમી રહ્યાં...ને દિશાએ એકાએક ચીસ પાડી. તે ઝડપથી દોડતાં બે ત્રણ કરચલાં જોઈ ગઈ હતી. ધરા વિ હસવા લાગ્યાં. "એને કરચલાં કહેવાય, ડર નહીં," વિશુએ કહ્યું. દિશા તેઓના નહોર જોઈ રહી. અચાનક એક કરચલો હીરો બચ્ચુંના પગ પાસે આવી રહેલો જોયો. દિશાએ એને લાત મારી. પણ ઓહ ! કરચલાએ દિશાનાં પગની પાની પર નહોરના અંકોડા ભેરવ્યા. જોતજોતામાં તેના નહોરથી પગની પાની પર બે ઘસરકા પડ્યા. એ જ ક્ષણે વિશુએ હાથ વડે જ પગ પર ચીટકેલા કરચલાને ખેંચી કાઢીને આઘો ફંગોળ્યો.

ઘામાંથી લોહી નીકળવા લાગ્યું. ધરાએ દિશાને છાની રાખી. તેઓ તરત જ જીપગાડી પાસે આવ્યાં.દિશા વારંવાર 'અંકલ, તમે ક્યાં છો? તમે જલ્દી આવો, જુઓ! તમારી ફુલપરીને રાક્ષસ કરડી ખાય છે,' આવું આવું બબડી રહી. ધરાએ ઘા પર ડેટોલ લગાડ્યું. પછી મલમ લગાડ્યો. વિશુએ ભીંસીને પાટો બાંધ્યો.

(જંગલમાં ટાબરિયાંઓનો જંગ)

**(ક્રમશ:)**

# રડયો કેમ, હસ્યો કેમ

રપ-વાર્તાઓ
## વિક્રમ – વેતાલ
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ



ધર્મવીર નિરાશ થઈને પાછા હવેલીએ ગયા. એમને પુત્રીને ફરીથી ઘણી સમજાવી. પરંતુ શોભના પોતાની જિદ્ પર અટલ જ રહી. આ વાત અડોશ–પડોશમાં ફેલાતા આખા નગરમાં ચર્ચાનો વિષય બની ગઈ. આ વાતની જાણ ચોરને થતાં એ ખુબ જ રહ્યો.

ચોરને શૂલીપાસે લઈ જવામાં આવ્યો. નગરજનો આ દ્રશ્ય જોવા તુટી પડયા હતા. શોભના દોડતી દોડતી શૂલી પાસે પહોંચી. એને ધોળા વસ્ત્રો પહેરેલા હતા. સિપાઈઓએ એને અટકાવી.

શોભનાએ કહ્યું – 'હું ચોરને મારો પતિ માની ચુકી છું. માટે ચોરને છોડી મૂકો, નહિ તો ફાંસી અપાયા બાદ હું એની પાછળ સતી થઈશ.' આ સાંભળી ચોર ખુબ હસ્યો. ચોરને ફાંસીએ ચડાવી દેવાયો. શોભના પોતાની જિદ્ મુજબ ચોરનો મૃતદેહ પોતાની ગોદમાં લઈ સતી થઈ.

સવાલ : વેતાલે રાજા વિક્રમને કહ્યું – 'આ દ્રશ્ય મેં મારી સગી આંખે જોયું છે છતાં મને એ નથી સમજાતું કે ચોર, શોભના એને પ્રેમ કરે છે એ સમાચાર સાંભળતા રયો કેમ ? અને એની પાછળ સતી થવાની છે એ સાંભળતા હસ્યો કેમ ? શોભના એને પ્રેમ કરે છે એ સાંભળીને એને ખુશ થવું જોઈતું હતું અને સતી થવાની છે એ સાંભળી રોવું જોઈતું હતું. આમ ઉલ્ટું કેમ થયું ? એનું કારણ શું ? એ મને બતાવો.'

જવાબ : વિક્રમ બોલ્યા – 'વેતાલ, ગુણની કિંમત જે ગુણી હોય એ જ જાણે. જયારે ચોરે સાંભળ્યું કે શોભના એને પ્રેમ કરે છે ત્યારે એ પોતાના તકદીર પર રોયો. કારણ કે શોભનાનો પ્રેમ ચોરી કરતાં પકડાઈ ગયો એ પહેલાં મળી ગયો હોત તો એ કદાચ સુધરી જાત અને એક સારા નગરજનની જેમ જિંદગી પસાર કરત. આ વિચારથી ચોર રડી પડયો હશે એવું મારૂં માનવું છે.'

'સતિ થવાની વાત પર હસ્યો કેમ ?' વેતાલે પુછયું.


રાજા વિક્રમે કહ્યું – 'એનું હસવું યોગ્ય હતું. શોભના ચોરને ફાંસીએ ચઢાવવાનો છે એ જાણવા છતાં પણ ચોરની સુંદરતા પર મોહિત થઈ, એને પોતાનો પતિ માની લીધો. અને એની પાછળ સતી થવાની જિદ્ જોઈ ચોર એની મૂર્ખતા પર હસ્યો હશે, એવું મારૂં માનવુ છે.'

વેતાલે અટ્ટહાસ્ય કરતાં કહ્યું – 'તમે સાચું કહો છો રાજા વિક્રમ.' આમ કહી વેતાલ પૂરી તાકત લગાવી ઉછળ્યો અને હવામાં અદ્રશ્ય થઈ ગયો. રાજા વિક્રમના ક્રોધનો પાર ન રહ્યો. કંટાળીને આખરે મહેલે પાછા ફર્યા.

**બોધ : 'ગુણની કિંમત ગુણવાન જ જાણે.'**

# બિરંજ, પૂરી ને મઠો !

## બકોર પટેલની કહાણીઓ
હરિપ્રસાદ વ્યાસ ગાંડીવ : લાલગેટ, ચૌટાપુલ, સુરત-૩૯૫૦૦૩



બિરંજ, પૂરી ને મઠો ! હાથીશંકર કહે : "મેથીનાં !"ટીમુ પંડિત પૂછે : "ને કર્યા શાનાં ?"જવાબ મળ્યો : "રતાળનાં."'"ફેરફાર કોણે કરાવ્યો ?" પંડિતજીએ પૂછ્યું."બકોર પટેલે કરાવ્યો !" જવાબ મળ્યો."કેમ કરાવ્યો ?"હાથીભાઈ કહે : "પટેલ તો કહે કે એવાં કડવાં કડવાં મેથીનાં ભજિયાં મને ના ભાવે. રતાળુનાં કરો રતાળુનાં."ટીમુ પંડિત કહે : "લ્યો, સાંભળો ! ભઈને મેથીનાં ભજિયાં નથી ભાવતાં. તે તમને બધાંને એનાં પાપડપૌઆ બહુ ભાવેલા, કેમ ?"

લંબકરણ કહે : "ઊંહું ! ઊંહું !"ઘોડુરામ બોલ્યા : "છીઃછીઃછીઃ !" ગોધુજ ઓચર્યા : "રામ તારૂં નામ !" સસમલ કહે : "અલ્લાઈ અલ્લા !"ટીમુ પંડિત કહે : "પટેલ ભજિયાં ફેરવાવ્યાં, તેથી મેં બધાનો આવવાનો વખત ફેરવાવ્યો છે, ને સૌને વહેલાં બોલાવ્યા છે. આપણે બધા ત્યારે જ ખરા, કે પટેલ પાસે એક મોટી ભારે ઉજાણી લઈએ ને રૂપિયા સોબસો ખરચાવીએ."

ગોધુજી ફરી બોલ્યા : "રામ તારૂં નામ ! એ વાતમાં કંઈ માલ નહિ. જેનું નામ બકોર પટેલ ! એ ઉજાણી આપે, ને સોસવાસો ખરચે ? અલ્લાઈ અલ્લા ! બને જ નહિ ને !"

ટીમ પંડિત કહે : "બોલો ત્યારે, લગાવો શરત." લંબકરણ કહે : "લગાવો શરત !"પંડિત બોલ્યા : "જુઓ ભાઈ, જેને શરત લગાવવી હોય તે લગાવજો, પણ હારી જશો. નક્કી. આપણે તો બિરંજ પૂરી ને મઠો, ખમણ ઢોકળાં, ચાર શાક ને બે રાયતાં, ત્રણ ચટણી ને ચાર અથાણાંનું જમણ લેવું ને ખરચ આપે બકોર પટેલ !"

બધા બોલ્યા : "એ બને જ નહિ !"

પંડિત બોલ્યા : "હવે બને બને ! નહિ કેમ બને ! મારી પાસે મંતર છે. એવો મંતર લગાવું કે પટેલ જ બધા પૈસા આપે. બોલો, છે બધાને કબૂલ ? પણ હું કહું તેમ બધું થાય, બોલો."

ઘોડારામ બોલ્યા : "ભલે, થઈ જાય."લંબકરણ કહે : 'આપણે બંદા ખાવાને તૈયાર છીએ." એમ કહી તેણે જીભડી લપલપાવી. પછી કહે : "અત્યારથી જ મોંમાં પાણી છૂટે છે."
**(ક્રમશઃ)**

બાલ એક્સપ્રેસ
પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કુલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૭૯૨

# ચિત્રમાં રંગ પુરો



## જ્ઞાન ઝરણાં
પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

**સ્કધ પહલા**
૧. સંયમ અને સદાચાર ધીરે ધીરે વધારતા જજો.
૨. જીવન વિલાસમય થયું એટલે ભકિતનો વિનાશ થયો.
૩. સંત થશો તો સંત મળી આવશે.
૪. દ્રષ્ટિને એવી ગુણમય બનાવજો કે કોઈના દોષ દેખાય નહીં.
૫. અભિમાન આવે એટલે પતન થાય છે.
૬. કોઈના દોષને જોશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં.
૭. કપડાં બદલવાની જરૂર નથી, કાળજું બદલવાની જરૂર છે.
૮. મનના ગુલામ ન બનો તેને નોકર બનાવો.
૯. માનવજીવનનું લક્ષ છે પરમાત્મમિલન. જે પ્રતિ ક્ષણે સાવધાન છે તે સંત છે.
૧૦. મનને સુધારશો તો તમે સંત થશો.

# જીવનના મરજીવા

જ્ઞાનજ્યોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

એને જોવા જેવા હોય છે અને માની ન શકાય એવા સાહસ કરીને તેઓ જીવનસાગરમાંથી મહામૂલા મોતીઓ શોધી લાવે છે. તેઓ જયારે પોતાના સાહસની શરૂઆત કરે છે ત્યારે આસપાસના સમાજ દ્વારા લગભગ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાતા હોય છે, પણ તેઓ જીતે છે અને જીતવાની જિંદથી જીતે છે. કોઈએ ડૂબકી ન મારી હોય એવા ક્ષેત્રના અતલ ઊંડાણે તેઓ ઉતરે છે, કિનારે સહુને જયારે એના પાછા આવવાની આશા ઝાંખી થતી લાગે ત્યારે જ તેઓ અપાર અપાર સિધ્ધિઓનો ખજાનો લઈ પાછા ફરે છે. તેમાંના મોટાભાગનાને તો અનુભવ જ હોતો નથી પણ હૈયે હામ અને હોઠે રામ જેવા આ સાહસવીરો જિંદગીના સાવ જ અજાણ્યા ક્ષેત્રમાં ઝંપલાવીને સફળતા પ્રાપ્ત કરે છે. તેઓ આપણાંમાના જ એક હોય છે, પરંતુ જે સાહસ કોઈક વીરલા જ કરી શકે છે તે તેમને મન સહજ હોય છે. આવા જીવનના મરજીવાને અનુસરવું તે દરેક યુવાનનો એક સાહસધર્મ છે.

# હિમાલયની તળેટી

## શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જ્યોતિબહેન થાનકી

હિમાલયની તળેટીમાં આવેલું દાર્જિલિંગ પ્રકૃતિ સૌંદર્યથી ભરપૂર હતું. ઊંચા ઊંચા વૃક્ષો, હરિયાળીથી છવાયેલી ટેકરીઓ દુર દુર દેખાતાં હિમાચ્છાદિત ધવલ શિખરો, આવા નયનરમ્ય વાતાવરણનો શ્રી અરવિંદના આત્મા ઉપર ઘણો ઊંડો પ્રભાવ પડયો. પણ બાળહદય તે સમયે તે ભાવોને વ્યકત કરવા સમર્થ ન હતું. પરંતુ આ અનુપમ પ્રાકૃતિક સૌંદર્યની ઝલક શ્રી અરવિંદે પાછળથી લખેલાં કાવ્યોમાં જરૂર જોવા મળે છે.

# સતત સત્કાર્યમાં પરોવાયેલા જ રહો

## માનસિક શાંતિનાં સચોટ ઉપાયો
લેખક શ્રી સેન.અનંતનારાયનન્

રોજ કોઈ ચોકકસ કામ કરો. કોઈ સારૂ કામ કરો. "હું આ કરૂં કે તે કરૂં" એવી દ્વિધામાં સમય બગાડો નહીં. "આ કરૂ કે તે કરૂ" એવી વ્યર્થ માનસિક ગડમથલ પૂરી કરશો. માટે વધારે પડતું આયોજન ના કરો. આયોજન તો ઈશ્વર કર્યા જ કરે છે. માટે તમે આખો સમય કાંઈક ને કાંઈક સારૂં કામ કરતા જ રહો. તમારી નકકર પ્રવૃતિમાં તૂટ ન પડયા દો. સતત પ્રવૃતિશીલ જ રહો. આરામનું નામ ન લેશો. તમારા જીવનમાં કદી નવરાશની કે નકામી પળો ના હોવી જોઈએ. અરે, થોડી નિષ્કાળજીભરી પળો પણ તમને જીવનમાં નીચે ગબડાવી મૂકશે. સમય એ જ જીવન છે. માટે સમયની કિંમત ધ્યાનમાં રાખી તેનો સૌથી વધારે લાભ થાય એ રીતે ખર્ચો.

## બાળ દેવદૂત
બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન
પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. આજકાલ મા–બાપો બાળકોને ઉછેરતાં ભાગ્યે જ હોય છે. તેમને માટે પૈસા પૂરા પાડવાનું કામ જ એ કરે છે.૨. બાળકની આંખમાં દુનિયાની સાત અજાયબીઓ નથી હોતી – સાત લાખ હોય છે....! ૩. બાળકો નિશાળેથી આપેલું લેસન ભૂલી જઈ શકે છે. નાહવાનું, વાસણ માંજવાનું, સંજવારી કાઢવાનું, ઊંઘવાનું – જમવાનું સુધ્ધાં ભૂલી જઈ શકે છે. પણ પાંચ મહિના કે પાંચ વરસ પહેલાયે વાતવાતમાં આપણે આપેલું વચન એમને બરાબર સાંભરે છે. ૪. આરંભમાં બાળકો પોતાનાં મા–બાપોને પ્રશ્નો પૂછતાં હોય છે ને તેના જવાબ સાંભળવાની દરકાર નથી કરતાં. અંતે એ મા–બાપોને જવાબ આપતાં રહે છે સવાલ સાંભળવાની દરકાર સુધ્ધા કર્યા વિના. ૫. ભોળપણ એ માણસની નબળાઈ છે, પણ બાળકનું બળ છે.
૬. દરેક બાળક એક કલાકાર છે. સવાલ એ છે કે મોટું થાય પછી પણ એ કોઈ રીતે કલાકાર રહી શકે.
૭. હું ક્ષણે ક્ષણે બાળકમાં ઈશ્વરનું દર્શન કરૂં છું. – ગિજુભાઈ બધેકા
૮. આપણે આપણાં સંતાનોને બે જ શાશ્વત બાબતોની ભેટ આપી શકીએ એક તો મુળિયાં અને બીજી પાંખો ! – હોર્ડિંગ કાર્ટર
૯. બાળકના આત્મા સાથે જબરદસ્તી ન કરો. પ્રત્યેક બાળકના નૈસર્ગિક વિકાસના નિયમોને ધ્યાનથી જુઓ.
૧૦. બાળકને જરી વહાલ આપશો, સામે ખોબો ભરીને પામશો. – જોન રસ્કિન

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## દીવાસળી

દીવાસળી નાની, પણ લગાડે આગમોટી ! રામાયણમાંથી મંથરાના અને મહાભારતમાંથી દ્રૌપદીના વાકયો દુર કરો, તો રામાયણ ન થઈ હોત, મહાભારતના ના સર્જાયું હોત ! કંકાસ નામની ડાકણ માથા પર કલહનો કળશ લઈને આંગણે આવે, ત્યારે તેને સત્કારનાર કોઈ ન હોય, તો અન્યત્ર જતી રહે ! કયારેક તો 'કે' તો 'તો'ને 'કે'ની 'તી'થી પ્રારંભ પામેલી વાત મહાભયાનક હોનારત બની રહે !

# મીઠાભગત

– શૈલેષ જે. કાલરિયા



મીઠાપુર નગરીની વાત છે. વાત છે મીઠાભગતની અને ગણપત ગપીદાસની, બંને બાળપણના મિત્ર. જયાં જાય ત્યાં સાથે જ હોય ! સાથે રમે ને સાથે જ જમે. નગરમાં ઉત્સવ હોય ત્યારે સાથે જ રંગ જમાવે. મોજીલા પણ એવા કે મોજમાં ને મોજમાં ખાવાનું પણ ભૂલ જાય.આવતી પૂનમે નગરમાં મેળાનું આયોજન હતું. નગરપતિએ મીઠાભગતને મેળાની વ્યવસ્થાનું કામ સોંપ્યું. મેળાની વહેલી સવારે મીઠાભગત ખભે તલવાર ટાંગી, ભગરી ભેંસ પર બેસીને નગરપતિને ઘેર પહોંચી ગયા.'સલામ સરકાર.'' આવી ગયા મીઠાભગત ?''તે આવીએ જ ને, અમે કોણ મીઠાભગત !''કેમ આયોજન તો બરાબર કર્યુ છે ને ભગત ?''એકદમ ટનાટન, ખીલી ન ખટકે એવું.''માથાભારે માણસોનું ધ્યાન રાખશો ?''અમે ન ડરીએ કોઈથી, અમારા બાપદાદા પણ કોઈથી ડરતા'તા તે અમે ડરીએ ? અમે કોણ મીઠાભગત !''ત્યારે હાલો રજા લઉં છું. વહેલા વહેલા મેળો જોવા પધારજો.' એમ કહી ભગત તો ઉપડ્યા મેળે. ગીત ગાતા ગાતા ખબર પણ ન પડી ને પહોંચી ગયા મેળામાં. થોડીવાર થઈ હશે ત્યાં તો ભાગા ભાગી થઈ ગઈ. કોઈએ સમાચાર આપ્યા કે લૂંટારા આવ્યા છે. 'ક્યાં છે ચોર બચ્ચા ? તેની ખેર નથી' એમ કહેતા'ક ભગત તલવાર કાઢીને કૂદી પડ્યા. સામેથી ગણપત ગપીદાસ મળ્યો. બંને લૂંટારાને શોધવા લાગ્યાં. સામેના મંદિરમાંથી એક લૂંટારો ઘરેણાની પોટલી સાથે બહાર નીકળ્યો. લાંબી મૂંછોવાળા આ લૂંટારાને ભગત જોઈ ગયા. 'અલ્યા ક્યાં ભાગે છે ? એમ કહેતા જ ભગતે બોચીમાંથી પકડ્યો. ફોજદાર પણ આવી ગયા. મૂંછળે રંગ બદલ્યો. ફોજદાર સાહેબને મોઢે ભગત ચોર છે એમ કહેવા લાગ્યો. મીઠું–મીઠું બોલીને ઢોંગીએ ભગત અને ગપ્પીદાસને ચોર સાબિત કરી જ દીધા.'અમે કોણ મીઠા ભગત ! હા ! અમારા બાપદાદાએ કોઈ દી પાવલી ચોરી હતી તે અમે ચોરી કરીએ ?' એમ કહી ભગતે પગ પછાડ્યા.ત્રણે જણાને પોલીસ સ્ટેશને હાજર કર્યા. હાથકડી પહેરાવનારને ભગતે કહી દીધું. "શું અમારા બાપ દાદા કોઈ દી' ભાગ્યાં'તા તે અમે ભાગીએ. અમે કોણ મીઠા ભગત ! તમતમારે ચલાવો કેસ, કરો લખાણપટ્ટી. અમે કાંઈ ડરતા નથી હા !"નગરપતિએ મીઠાભગતની ઓળખાણ આપી અને તેને છોડી મૂકવાની ભલામણ કરી. રિપોર્ટ તૈયાર થઈ ચૂકયા હતા. એટલે સાચા ખોટાંના પારખા હવે કોર્ટમાં જ થશે. ન્યાયાધીશે પૂછ્યું, 'બોલો ભગત તમારા વકીલ આવી ગયા ?''અમે કોણ ? મીઠા ભગત. અમારા વકીલ ન હોય, વકીલ અમે પોતે.' એમ કહી ભગતે ટોપી સરખી કરી.વળી ન્યાયાધીશે પૂછ્યું, 'બોલો ભગત ! આ લૂંટ તમે કરી છે તે સાચું છે ?' ભગત જિંદગીમાં પહેલી વખત વિચારમાં પડી ગયાં. ગણપત ગપ્પીદાસે ભગતને કાનમાં કશુંક કહ્યું. ભગતે મૌન તોડ્યું અને બોલ્યાં : 'હા, અમેજ ચોરી કરેલી છે.'ન્યાયાધીશ : 'ચોરીના માલમાં શું શું હતું ?'ભગત : 'મુગટ, ઝાંઝર, વીંટી' એમ ત્રણ વસ્તુ હતી.આ સાંભળીને પેલો મૂંછળ બોલ્યો : 'ભગત ખોટું બોલી રહ્યા છે. સાથે એક સોનાનો હાર પણ હતો, જે છુપાવી રહ્યા છે.'ભગત : 'હવે અમે પૂછીએ છીએ કે, 'ઘરેણાંની પોટલી તો બાંધેલી જ હતી. છતાં તમને કેવી રીતે ખબર પડી કે તેમાં એક હાર પણ છે ?' નગરશેઠને મીઠા ભગતની ચતુરાઈ ગમી. મૂંછળની પોલ ખૂલી ગઈ. પેલા મૂંછળને પકડવામાં આવ્યો અને ન્યાયાધીશે કડક સજા ફરમાવી. ભગત અને ગપ્પીદાસને ઈજ્જત સાથે છોડી મૂકવામાં આવ્યા. જતાંજતાં ગપ્પીદાસે પેલા મૂંછળને ટપલી મારી અને કહ્યું : 'અમે કોણ ? ગપ્પીદાસ, ભલભલાને ભોંય ભેગો કરી નાંખીએ.' ત્યાર પછી મીઠાભગત ભેંસ પર સવાર થઈ ગપ્પીદાસ સાથે મેળાની મોજ માણવા ઊપડી ગયા.
**('ચાંદાપોળી' – જુલાઈ)**

# વેકેશનમાં તમે શું કરશો



તમારામાંથી ઘણા કહેશે કે હવે તો બસ ઊંઘવું છે. ખૂબ ઊંઘવું છે. ઉજાગરા બહુ કર્યા. હવે બધું સાટું વાળી દેવું છે.

પણ ઊંઘીઊંઘીને તમે કેટલું ઊંઘી શકો? વકેશનના શરૂઆતના દિવસોમાં ઊંઘવાની કોશિશ કરી જોજો ! તમે કેટલું ઊંઘી શકો છો? બાર કલાક ? સોળ કલાદ ? અરે, બહુબહુ તો અઢાર કલાક ! તમે વધુ ઊંઘી શકતાં નથી. કારણ કે તમને કાંઈ કુંભકર્ણનું વરદાન મળેલું નથી અને કુંભકર્ણનું વરદાન કોઈ ઈચ્છતું પણ નથી, ખરૂ ને ?

ઘણા દોસ્તો ફિલ્મો જોવાની ઈચ્છા રાખતાહશે. ચાલો, યાર ! ખૂબ બધી ફિલ્મો જોઈ નાખીએ !

પણ તમારામાં જો જરાય બુદ્ધિ હોય તો તમે બે–ત્રણથી વધુ ચાલુ ફિલ્મો જોઈ શકતા નથી. દેશી ફિલ્મોમાં અને હોલીવૂડની ફિલ્મોમાંય હોય છે શું ? બે–ચાર નાચના ખરાં. પાંચ–દસ વખત ઢિશૂમ–ઢિશૂમ ! કોઈ પણ બુદ્ધિશાળી બાળક હેતુ વગરની, ઢંગધડા વગરની આવી કેટલીક ફિલ્મો જોઈ શકે ?

ખૂબ ખાવું ? એય પેટ બગાડે છે. આઈસક્રીમ–શરબત ? એક હદ પછી એમની મીઠાશ ત્રાસ આપવા લાગે છે.

હા, વાંચન એક સારી વસ્તુ છે. એથી જ્ઞાનમાં વધારો થાય છે, વધુ સારા માનવી બની શકાય છે, અને ભણતરમાંય મદદ થાય છે પણ સારા વાંચનનોય આખરે કંટાળો આપે છે.


એટલે તમે 'કશુંક' કરવા આતુર બની જાવ છો. કાંઈક નવું, કાંઈક ઉપયોગી, કાંઈક ઉપજાઉ, કાંઈક ગૌરવપ્રદ કરવાની તમને ઝંખના જાગે છે. તમારા વિકાસ માટે, કુટુંબની મદદ માટે અને સમાજની સેવા માટે તમે કશુંક કરવા ઈચ્છો છો. તમે વડીલોને કહો છો : "મને તો આ વેકેશનનો ભારે કંટાળો આવે છે. મને કહો ને, મારે શું કરવું ?" તો ચાલો વકેશનમાં શું શું કરી શકાય એનો થોડોક વિચાર કરી લઈએ. થોડીક કમાણી કરવી ગયા નો તમે ઘેર ઘેર ફરીને કેટલીક ગૃહોપયોગી ચીજવસ્તુઓનો વેપાર કરી શકો. ! કમાણીના રસ્તા શોધવાનો એક સરસ નુસખો છે. જો કે તે તમારાગામમાં કોઈ સારી જાહેર ખબર એજન્સી હોય તો એના અધિકારીને મળો. એમની પાસે તમારે લાયક કશુંક કામકાજ હોવાનો પૂરો સંભવ છે. મોટરગાડીઓ વગેરે ઉપર કોઈના પોસ્ટર લગાડવાના અથવા ઘેરઘેર ફરીને કોઈની જાહેર ખબરની પત્રિકાઓ વહેંચવાના વગેરે અનેક જાતનાં કામો જાહેર ખબર એજન્સીઓ તમને આપી શકે છે. વધુ મોટા બાળકોને ઘેર ઘેર ફરીને કશાક પ્રશ્નોત્તર કરવાનું અને એ રીતે કશીક મોજણી કરવાનું કામ પણ મળી શકે છે. મોટી દુકાનોમાં આવતા ગ્રાહકો સમક્ષ કોઈ નવાં સાધનોની કામગીરીનું પ્રદર્શન કરવાનું કામ પણ મળી શકે.

નાનાં બાળકોને ફાવે એવું એક અન્ય કામ છાપાઓનું છે. તમારા ગામના દૈનિક કે સાપ્તાહિક છાપાના વેચાણ અધિકારીને મળીને તમે એ છાપાં ઘેરઘેર પહોંચાડવાનું કામ માગી શકો. સારાં સામયિકોની કેટલીક નકલો લઈને તમે ઘેર ઘેર ફરીને એ પણ વેચી શકો. લોકોને વાંચન તો જોઈતું જ હોય છે. ઘણી વાર એ કેમ મેળવવું એ જ સમસ્યા હોય છે. છાપાં–સામયિકોના વેચાણ બદલ પણ તમને થોડાક પૈસા મળી શકે છે.


વાંચનની જ વાત કરીએ છીએ તો પુસ્તકોનીય વાત કરી લઈએ. બાળસાહિત્યના અને શબ્દકોશ જેવા રોજિંદા ઉપયોગનાં પુસ્તકો ઘેરઘેર ફરીને વેચવાનું કામ સૌથી સહેલું અને સાઢું છે. તમારા નગરમાં કોઈ પુસ્તક પ્રકાશક કેવિક્રેતાની દુકાન હોય ત્યાં પહોંચી જાવ. આવા ઘણા વિક્રેતાઓ ન વેચાયેલાં પુસ્તકો પાછાં લેવાની શરતે પણ તમને પુસ્તકો સોંપશે.

જો સેવા કરવી હોય તો... બધાં બાળકો કમાણી કરવાની ઈચ્છાવાળા નથી હોતાં. ઘણાને એવી કશી કમાણીની જરૂર ન હોય એમ પણ બને. એવાં કેટલાંક બાળકો વકેશનને સમયે કશીક સમાજસેવા કરવા ઈચ્છતા હોય એમ બને.**(ક્રમશઃ)**


# આ મારું ચિત્ર છે



ઠાકર માનસી એ.
( પાઠક સ્કૂલ – અમરેલી)



વનરા રાજવી અલ્પેશભાઈ
( પી.એન.વોરા વિદ્યાનિકેતન શાળા, અમરેલી)




લોહિયા ઈલ્યાસ ઈ.
( ધો.૯, દિપક હાઈસ્કુલ(રૂપાયતન) અમરેલી)



જુવાદરીયા અશોક એન.
(આઈ.ટી.આઈ. અમરેલી )

પાના ૧ ઉપરનું ચાલું **જિલ્લાનાં નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં**

ઘરવામાં આવશે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત મતદાન તેમજ મતગણતરી પ્રક્રિયાના સુચારૂ આયોજન અંગે માહિતી આપવાના હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. તેમણે અમરેલી જિલ્લાના મતદારોને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરી લોકશાહીના પર્વમાં ભાગ લેવા માટે અપીલ કરી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે, અમરેલીમાં ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠકો પૈકી ૪ બેઠક (જાફરાબાદ તાલુકાની બારપટોળી, રોહીસા, વઢેરા, તથા બાબરા તાલુકાની ચમારડી બેઠક) બિનહરીફ થયેલ છે બાકીની ૧૮૬ બેઠકો પર કુલ ૫૫૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાનાર છે. જયારે જિલ્લા પંચાયતની તમામ ૩૪ બેઠકો પર કુલ ૧૦૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાનાર છે. ધારી નગરપાલિકામાં વોર્ડ નં. ૩ સંપૂર્ણ બિનહરીફ થયેલ છે જયારે અન્ય તમામ નગરપાલિકાઓમાં દરેક વોર્ડમાં ચૂંટણી યોજાનાર છે. ૬ નગરપાલિકાના હરીફ ઉમેદવારોની સંખ્યા કુલ ૪૬૧ છે.

તેમણે ઉમેર્યુ કે, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર સહિત કુલ ૫,૨૦૧ તેમજ ૨,૨૫૭ પોલીસ સ્ટાફ ચૂંટણી ફરજ બજાવશે. જયારે નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર સહિત કુલ ૧૦૮૩ તેમજ ૪૧૫ પોલીસ સ્ટાફ ચૂંટણી ફરજ બજાવનાર છે.

મતદારોની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકોમાં ૪,૫૫,૪૫૦ પુરૂષ મતદાર, ૪,૦૯,૪૨૯ સ્ત્રી મતદાર, ૦૧ અન્ય મળીને કુલ ૮,૬૪,૮૮૦ મતદારોની સંખ્યા છે. જયારે તાલુકા પંચાયતની ૧૮૬ બેઠકોમાં ૪,૪૭,૦૦૩ પુરૂષ, ૪,૦૧,૬૦૮ સ્ત્રી અને ૦૧ અન્ય મળીને કુલ ૮,૪૮,૬૧૨ મતદારોની સંખ્યા છે. જયારે ૦૬ નગરપાલિકાની ૧૭૪ બેઠકો માટે ૧,૦૮,૬૯૮ પુરૂષ મતદારો, ૯૯,૧૬૩ મહિલા મતદારો, ૨૦ અન્ય મતદારો મળીને કુલ ૨,૦૭,૮૮૧ મતદારોની સંખ્યા છે.

તેમણે ઈ.વી.એમ.ની સંખ્યા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૦ ટકા રીઝર્વ સહિત જિલ્લા પંચાયતના મતદાન માટે ૧,૩૨૦ બી.યુ. અને ૧૩૨૦ સી.યુ ઈ.વી.એમ. મશીન ફાળવવામાં આવ્યા છે. જયારે તાલુકા પંચાયતમાં ૧૩૨૦ બી.યુ. અને ૧૩૨૦ સીયુ, નગરપાલિકા માટે ૩૪૦ બી.યુ. અને ૩૪૦ સી.યુ. ફાળવવામાં આવ્યા છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ–૨૦૨૬ના મતદાનના આંકડા તથા પરિણામ જાણવા માટે રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા વિકસાવેલ પોર્ટલ https://sec-poll.gujarat.gov.in પર વિગતો ઉપલબ્ધ થઈ શકશે.

અમરેલી જિલ્લાની અમરેલી જિલ્લા પંચાયત તથા તમામ–૧૧ તાલુકા પંચાયતો અને કુલ–૬ નગરપાલિકા (અમરેલી, સાવરકુંડલા, બગસરા, બાબરા, દામનગર, ધારી) ના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં કામ કરતા અથવા ચૂંટણી હેઠળના વિસ્તારમાંનોંધાયેલ કેન્દ્ર–રાજય સરકારની કચેરી/સંસ્થાના કર્મચારીઓ, સહકારી, ખાનગી ક્ષેત્ર/બોર્ડ/નિગમની કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ/કામદારોને તેમજ દુકાન/વાણિજય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, મોલ, દુકાનો, હોસ્પિટલોના કર્મચારી/કામદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે, મત આપી શકે તે હેતુસર તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ નોકરીના સ્થળે મોડા આવવા અથવા વહેલા જવા દેવા અથવા મત આપવા માટેના સમય પૂરતી સવેતન રજા આપવા જાહેરનામું કરવામાં આવ્યું છે.

મતદાનના દિવસે ગરમીના કારણે મતદારો તથા પોલીંગ સ્ટાફને લૂ ની અસરથી બચવા માટે મતદાન ટૂકડીને ઓઆરએસ, પ્રાથમિક સારવાર માટેની દવાઓની કિટ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે તેમજ આકસ્મિક સંજોગોમાં જરૂરિયાત પડે તેવા સંજોગો માટે નજીકના હેલ્થ સેન્ટર ખાતે એમ્બ્યુલન્સની પણ વયવસ્થા કરવામાં આવી છે.

અંતમાં તેમણે જણાવ્યું કે, જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત–નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર મતદાનના દિવસે અમરેલી જિલ્લાના તમામ મતદારો પોતાના મતદાન અધિકારનો ઉપયોગ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે સંવેદનશીલ, અતિ સંવેદનશીલ મતદાન કેન્દ્રો અને પોલીસ બંદોબસ્ત સહિતની વિગતો આપી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, ડી.આર.ડી.એ.ના નિયામક અને ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દેસાઈ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પકત્રકારો તેમજ જિલ્લા ચૂંટણી તંત્રના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લેઉવા પટેલ ટ્રસ્ટ
જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ
સ્કૂલ ઓફ એક્સેલન્સ
ગર્લ્સ સ્કૂલ – પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી. -Ad 019


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૫૦૫ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૧૫ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૪૦ |
| ૪ | તલ કાળા | ૧૫૩૦ | ૩૬૭૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૧૫૦ | ૧૯૯૫ |
| ૬ | બાજરો | ૨૧૦ | ૩૭૦ |
| ૭ | જુવાર | ૭૦૫ | ૮૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૯૫ | ૫૪૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ૧૦ | મકાઈ | ૨૧૦ | ૩૬૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૬૫ |
| ૧૩ | સફેદ ચણા | ૯૩૦ | ૧૧૬૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૩૪૫ | ૧૭૦૫ |
| ૧૫ | વટાણા | ૭૦૦ | ૭૦૦ |
| ૧૬ | તુવેર | ૮૪૦ | ૧૪૯૦ |
| ૧૭ | કપાસ | ૮૦૦ | ૧૮૭૫ |
| ૧૮ | એરંડા | ૧૦૮૦ | ૧૨૪૦ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૪૦૨૫ |
| ૨૦ | રાયડો | ૧૧૫૫ | ૧૧૭૫ |
| ૨૧ | રાય | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ૨૨ | ધાણા | ૨૨૦૦ | ૨૫૯૦ |
| ૨૩ | ધાણી | ૨૦૦૦ | ૨૯૦૫ |
| ૨૪ | મેથી | ૯૦૦ | ૧૨૬૫ |
| ૨૫ | સોયાબીન | ૯૭૫ | ૧૧૯૦ |
| ૨૬ | મરચા લાંબા | ૩૯૦૦ | ૪૦૮૦ |
| ૨૭ | વરીયાળી | ૧૫૫૦ | ૧૮૨૦ |

### નવેમ્બરમાં લેવાયેલ એસ.વાય.બી.એ. (સેમ–૩)ની પરીક્ષામાં

# અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

### ડાભી ધ્રુવી, દ્રષ્ટિ કલસારા, રિંકલ ડાભી અગ્રેસર


અમરેલી, તા. ૨૪

અમરેલી ખાતેની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું નવે ૨૦૨૫માં લેવાયેલ એસ.વાય.બી.એ. (સેમ–૩)ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ ડાભી ધ્રુવીએ પ્રથમ ક્રમ અને દ્રષ્ટિ કલસારા અને રિંકલ ડાભીએ દ્વિતીય સ્થાન મેળવેલ છે.

શ્રેષ્ઠ પરિણામ પાછળ કોલેજનાં તમામ અધ્યાપકોની જહેમત રહી છે ટ્રસ્ટીગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી છે.

### કાંઠાનાં ખેડૂતોની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં વાંકિયા ગામે શેત્રુંજી નદીનાં કાંઠે શિક્ષણ શિબિર યોજાઈ

### નદીની સ્વચ્છતા જાળવણી અંગે માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૨૪

અમરેલી વાંકિયામાં શેત્રુંજી નદી કાંઠે વાડીઓ ધરાવતા ખેડૂતો સાથે શેત્રુંજી શિક્ષણ શિબિર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ શિબિરમાં શેત્રુંજી નદીનું સ્વચ્છ અને સ્વસ્થ જળાશય તરીકેનું મહત્વ અને તેમની જાળવણી, તેમજ નદીકાંઠાની વન્યજીવ સૃષ્ટિ અને તેમની સાથે સહજીવિતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ સાથે જ શાકભાજીના બીજ તથા રોપ માટેની ટ્રે અને કોકોપીટ સાથે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **ચૂંટણી ટાણે ૭૫ ગામના લોકોને**

આ સમગ્ર મામલે પારસ તળાવિયાએ અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે એક અરજી દાખલ કરાવી છે. હાલ પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે અરજીના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો આ મામલો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની શકે છે. પોલીસ સૂત્રો મુજબ, તમામ પાસાઓની તપાસ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# લીલીયા કોર્ટમાં હાજર ન થનાર આરોપીની અટકાયત કરાઈ



અમરેલી, તા. ૨૪

લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.ડી.સાળુંકે ની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના પાંચતલાવડા બીટ ઈન્ચાર્જ છબીલદાસ બટુકદાસ ટીલાવત અના. એએસઆઈ તથા પો.કોન્સ વિજયભાઈ મંગળુભાઈ લાલુએ લીલીયા મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ફોજદારી કેસ નં–૨૫૭/૨૦૨૪ના કામના આરોપી વરૂણભાઈ ભનુભાઈ ગુંદરણીયા રહે. સુરતને લીલીયા મોટા ખાતે આવેલ બેન્કમાં ચેક બાઉન્સ થયેલ નાણા ન ભરતા લીલીયા કોર્ટમાં કેસ ચલાવવા મજકુર આરોપી હાજર રહેતો ન હોય જેથી કોર્ટે પકડ વોરંટ કાઢેલ અને મજકુર આરોપી પોતાની ધરપકડ ટાળવા સારૂ સુરત, અમરેલી જુદા–જુદા જીલ્લાઓમા નાસતો–ફરતો હોય જેને ચોક્કસ બાતમીના આધારે આજરોજ સુરત ખાતેથી પકડી પાડી લીલીયા કોર્ટમાં પકડ વોરંટના કામે સોંપી આપેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૩૫૦ | ૧૫૨૬ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૭૫ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૪૮૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૩૯૭૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૪૯ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | – | ૫૨૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| ૧૨ | મગ | – | ૧૮૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૬૧ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૪૦ | ૧૧૧૧ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૬ | એરંડી | ૧૧૮૦ | ૧૨૨૨ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૩૩૦ |
| ૧૮ | રાય/રાયડો | – | ૧૩૪૦ |
| ૧૯ | ધાણા | ૨૧૦૦ | ૨૪૦૦ |

### રૂપિયા ૫.૫૦ લાખનો ચેક રીટર્ન થયા બાદ

# બાબરા : કોર્ટના ચેક રીટર્ન કેસમાં આરોપીને ૧૧ લાખ ચુકવવા આદેશ

### ફરિયાદી તરફે એડવોકેટ હિતેષ મીઠાપરાની દલીલો સફળ



બાબરા, તા. ૨૪

બાબરા કોર્ટમાં ફોજદારી કેસ નં. ૨૪/૨૫થી ફરિયાદી મનુભાઈ જીણાભાઈ ચિતલીયા રે, ઘુઘરાળાએ આરોપી કાજલબેન બાલાભાઈ રે, અમરેલી.ને રૂપિયાની જરૂર પડતા ફરિયાદીએ આરોપીને રૂમ. ૫,૫૦,૦૦૦ આપેલ હતા. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને રૂમ. ૫,૫૦,૦૦૦નો ચેક આપેલ જે ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા ચેક બાઉન્સ થયેલ ત્યારબાદ ફરિયાદીએ બાબરા કોર્ટમાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરેલ જે ફરિયાદ બાબરા કોર્ટમાં ચાલી જતા કોર્ટ દ્વારા આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમની બમણી રકમ રૂા. ૧૧,૦૦,૦૦૦ ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી તર્ફે કાનૂની લડતમાં બાબરાના એડવોકેટ હિતેષ. એમ. મીઠાપરા રોકાયેલ હતા.

### અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

# જરખીયા ગામે ખાતરનાં સંતુલિત ઉપયોગ અંગે તાલીમ યોજાઈ

### ગામનાં ૩૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૪

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ જરખીયા ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ ખાતરના સંતુલિત ઉપયોગ વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જરખીયા ગામના ૩૦ જેટલા ખેડૂતો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆતમાં ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે સમજાવ્યું તથા પાકની જરૂરીયાત, જમીનની ફળદ્રુપતા અને હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી ખાતરનો સંતુલિત ઉપયોગ કરવો જરૂરી છે જેથી ખેડૂતોનાં ખેતી ખર્ચમાં પણ ઘટાડો થાય છે એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. વિષય નિષ્ણાત ડો. સ્વેતાબેન પટેલે સંતુલિત ખાતર ઉપયોગના ફાયદાઓ જેવા કે પાકનું ઉત્પાદન તથા ગુણવત્તામાં વધારો થાય છે, પોષક તત્વોની કાર્યક્ષમતા વધે છે તેમજ માટીનું સ્વાસ્થ સુધારે છે અને પર્યાવરણનું સંરક્ષણ થાય છે તે અંગે જણાવ્યું. ત્યારબાદ કેવીકે અમરેલી દ્વારા જરખીયા ગામના ભરતભાઈ ચોવટીયાના ખેતર પર પ્રાકૃતિક મોડેલ ફાર્મમાં ઉપયોગી ઈનપુટસ બનાવવા માટે જરૂરી વસ્તુઓ જેવી કે ટીપણા, તગારા, ડોલો, ગોળ અને ચણાનો લોટ વગેરે આપવામાં આવ્યા અને વૈજ્ઞાનિકો દ્વારા તેમને પ્રાકૃતિક ખેતીમાં રાખવાની થતી કાળજી વિશે વાત કરી. બપોર બાદ કેવીકે અમરેલી ખાતે ૩૪ જેટલી મહિલાઓને ICTToolsના ઉપયોગ વિશે તાલીમ અપાઈ.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં તાપમાનનો પારો ૪૩.૩ ડીગ્રી**

ભાસતા હતા.

અમરેલી જિલ્લામાં ગઈકાલે ૪૨.૫ ડીગ્રી સાથે ગુજરાતનું સૌથી ગરમ શહેરમાં નોંધાયા બાદ આજે ગઈકાલ કરતા પણ વધુ તાપમાન ઉંચુ થઈ ચાલું ઉનાળાની સિઝનમાં સૌથી વધુ પ્રથમ વખત તાપમાન ૪૩.૩ ડીગ્રી સુધી પહોંચી ગયું છે.

આજે અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પડઘમ શાંત થયા છે આવતીકાલે બપોરથી ચૂંટણી તંત્ર ધ્વારા ૯ હજાર લોકોને મતદાન મથકો ઉપર રવાના કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે અને રવિવારે દિવસ દરમિયાન મતદાન યોજાશે. ત્યારે આવા આકરા તામપમાનમાં પણ વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રયાસો કરવા પડશે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ તાપમાનનો પારો વધુ ઉંચે જાય તેવી શકયતા વચ્ચે લોકો વ્હેલી સવારે પોતાના કામ આટોપી લઈ અને ધોમધખતા તાપમાં ખાસ કરી બાળકો તથા વૃધ્ધ લોકો ઘર બહાર નીકળવાનું ટાળે તે ઈચ્છનીય છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૨૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૨૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૩૦ | ૧૪૮૦ |
| ૪ | જીરૂ | ૩૦૯૦ | ૪૦૫૦ |
| ૫ | ચણા | ૧૦૧૮ | ૧૦૬૨ |
| ૬ | ઘઉં | ૪૫૫ | ૫૨૫ |
| ૭ | એરંડા | ૧૦૨૫ | ૧૧૮૫ |
| ૮ | તુવેર | ૧૨૨૦ | ૧૩૯૦ |
| ૯ | કાળા તલ | ૨૭૮૦ | ૨૯૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૭ | ૪૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૪૬ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૬ |
| ૫ | ધાણા | ૨૦૩૦ | ૨૫૦૦ |
| ૬ | એરંડી | ૧૧૪૦ | ૧૧૭૫ |
| ૭ | તુવેર | ૮૦૦ | ૧૩૩૦ |
| ૮ | તલ સફેદ | ૧૯૩૫ | ૧૯૩૫ |
| ૯ | મગફળી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૦ | મગ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૧૧ | સોયાબીન | ૯૭૦ | ૧૦૬૦ |
| ૧૨ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૩ | લસણ | ૧૯૦ | ૫૮૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૫૫૦ | ૧૬૪૦ |
| ૧૫ | મેથી | ૧૧૨૫ | ૧૧૫૪ |

પાના ૮ ઉપરનું ચાલું **સરકાર બનાવવા અનેરો ઉત્સાહ**

નીરઉત્સાહી ઉમેદવારો મળ્યા જયારે ભારતીય જનતા પાર્ટીનાં કેસરિયા ઉમેદવારોનો પ્રચાર પ્રસાર અનેરો રહ્યો હતો અને લોકોનો આવકાર પણ ખુબ બહોળા પ્રમાણમાં હતો. આ વખતની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાની સાથે નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકાસ અને દુનિયામાં જે ડંકો વગાડયો છે તેની પણ લોકોએ નોંધ લીધી હતી. જયારે રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર ધ્વારા થયેલ વિકાસનાં કામોને પણ મતદારોએ ધ્યાન ઉપર લીધેલા હતા.

આમ જોવા જઈએ તો સમગ્ર ગુજરાતમાં કમલ ખીલશે તે નક્કી છે કારણ કે, વિપક્ષનાં આગેવાનોની વાતોમાં કયાંય ધામ હોય તેવું લાગતું ના હોય, જયારે ભારતીય જનતા પાર્ટીમાં સરકાર અને સંગઠન તાલથી તાલ અને કદમથી કદમ મિલાવીને સાથે ચાલતા હતા. તેથી જિલ્લા તાલુકા નગરપાલિકા અને મહાનગરમાં ભાજપનું કમળ ખીલશે અને કેસરિયો માહોલ સર્જાશે. તેમ એક નિવેદનમાં ભાજપનાં મીડિયા પ્રવકતા શૈલેષ પરમારે નિવેદનમાં જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **૯ હજાર કર્મચારીઓ આજે રવાના થશે**

તહેનાત કરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જીતવા માટે રાજકીય ગરમાવો શિખરે પહોંચ્યો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની બેઠકો માટે કુલ ૧૧૧૭ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો માટે ૧૦૩ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર છે. જયારે ૧૧ તાલુકા પંચાયતની ૧૮૬ બેઠકો માટે કુલ ૫૫૩ ઉમેદવારો મેદાનમાં છે.

નગરપાલિકા સ્તરે જોવામાં આવે તો જિલ્લાની ૬ નગરપાલિકાના કુલ ૪૬ વોર્ડની ૧૭૪ બેઠકો માટે ૪૬૧ ઉમેદવારો વચ્ચે કાંટેની ટક્કર જોવા મળશે.

ચૂંટણીના પ્રચાર માટેનો સમય આજે શુક્રવાર સાંજથી પૂર્ણ થઈ જવા પામેલ છે. ત્યારબાદ ઉમેદવારો દ્વારા જાહેર પ્રચાર પર પ્રતિબંધ લાગુ થઈ જતાં હવે માત્ર ગૃપ મીટીંગ ચાલશે. મતદાનના એક દિવસ પહેલાં એટલે કે આજે શનિવારે સાંજ સુધીમાં તમામ પોલિંગ સ્ટાફ તથા પોલીસ કર્મચારીઓ મતદાન બૂથ ઉપર જરૂરી ચૂંટણી સાહિત્ય સાથે પહોંચી જશે.

ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે અને મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| ૨ | તલ કાળા | ૨૮૦૦ | ૩૪૭૫ |
| ૩ | કપાસ | ૧૨૫૦ | ૧૭૮૮ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૫૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૭૬ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૯૩૫ |
| ૭ | તુવેર | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૭૦૦ | ૧૦૫૫ |
| ૯ | એરંડી | ૯૮૦ | ૧૧૧૧ |
| ૧૦ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૧૧૯ | ૧૧૧૯ |
| ૧૨ | રાય | ૧૦૦૦ | ૧૩૫૦ |

### નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

# રાઘવ ચઢ્ઢા સહિતના કેટલાક સાંસદોએ કર્યો પક્ષપલટો, આપ છોડી વિધિવત ભાજપમાં સામેલ

## રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદોએ રાજીનામાં આપ્યા, જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીમાંથી રાઘવ ચઢ્ઢા સહિત સાત સાંસદોએ આજે (૨૪ એપ્રિલ) રાજીનામાં આપ્યા હતા. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સ કરીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ હવે શુક્રવાર સાંજે નવી દિલ્હી ખાતે ભાજપ હેડક્વાર્ટર તમામ પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભાજપ અધ્યક્ષ નીતિન નબીન દ્વારા સ્વાગત કરાયું હતું.

ભાજપ હેડક્વાર્ટરમાં નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું. આ દરમિયાન ચઢ્ઢાએ ભાજપ અધ્યક્ષને ગુલદસ્તો ભેટ કર્યો. આ સત્તાવાર મિલનની સાથે ચઢ્ઢા સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયા. પાર્ટી કાર્યકર્તાઓમાં આ રાજકીય ઘટનાક્રમમાં જશ્નનો માહોલ છે. આમ આદમી પાર્ટીની સ્થિતિ હવે રાજ્યસભામાં ખુબ નબળી થઈ ગઈ છે.રાઘવ ચઢ્ઢા સહિત આમ આદમી પાર્ટીમાંથી ૭ સાંસદોએ રાજીનામાં આપ્યા છે. જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ છે.

રાઘવ ચઢ્ઢાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો ખુલાસો કરતા પક્ષ સાથેના તમામ સંબંધો તોડવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીને મેં મારા લોહી-પરસેવાથી સીંચી છે અને મારા જીવનના મહત્ત્વના ૧૫ વર્ષ આપ્યા છે, તે પાર્ટી હવે તેના સિદ્ધાંતો, મૂલ્યો અને નૈતિકતાથી ભટકી ગઈ છે. હવે આ પાર્ટી દેશના હિતમાં નહીં, પણ પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મને સતત એવું લાગી રહ્યું હતું કે હું એક ખોટી પાર્ટીમાં ફસાઈ ગયેલો સાચો માણસ છું. એટલા માટે જ આજે હું મારી જાતને આપથી અલગ કરી રહ્યો છું અને હવે જનતાની સેવામાં જોડાઈ રહ્યો છું, તેમજ મારી સાથે આમ આદમી પાર્ટીના બે તૃતીયાંશ (૨/૩) સાંસદો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

બીજી તરફ દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના ટોચના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર ઓપરેશન લોટસ દ્વારા પંજાબ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. ઓપરેશન લોટસ ખરેખર હલકી રાજનીતિનું એક ઉદાહરણ છે. તે માત્ર સત્તા કબજે કરવાનો પ્રયાસ નથી, પરંતુ પંજાબમાં ચાલી રહેલા જનહિતના કાર્યોને રોકવાનું એક ષડયંત્ર છે.

આરોપ લગાવ્યો કે, આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોને તોડીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. પંજાબની જનતાએ આ નામો યાદ રાખવા જોઈએ, કારણ કે આ લોકોએ ગદ્દારી કરી છે. આ સંદર્ભમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, રાજેન્દ્ર ગુપ્તા, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહ જેવા નામોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જનતાએ આ તમામને સામાન્ય સ્તરેથી ઉઠાવીને સંસદ સુધી પહોંચાડ્યા, પરંતુ હવે તેઓએ જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ AAPમાંથી ભાજપમાં ભળેલા સાંસદોની ઝાટકણી કાઢતા કહ્યું કે, ભાજપે પંજાબ સાથે ગદ્દારી કરી, ભાજપનું પંજાબમાં કોઈ અસ્તિત્વ જ નથી, ભાજપનું પોતાનું કઈ જ નથી માટે આ પ્રકારના તુક્કા લગાવી રહી છે. ભાજપ પંજાબ જીતી શકતી નથી, આ પ્રકારે વોશિંગ મશીનનો ઉપયોગ કરીને શરદ પવારની પાર્ટી અને શિવસેના ઉદ્ધવ ઠાકરેની તેમજ કોંગ્રેસની પાર્ટીને તોડી નાખવામાં આવી હતી.

પંજાબમાં ભાજપનો કોઈ જ જનાધાર નથી. ભાજપ તેની સાથે વિલય કરનારા લોકોને પણ ગળી જાય છે, આ સાત લોકો પાર્ટીનો ભાગ નથી, ગદ્દારોના જવાથી કોઈ ફર્ક પડતો નથી, જનતાના પ્રેમની કોઈ કિંમત હોતી નથી, પંજાબની જનતાનો પ્રેમ કોઈ પણ કિંમતે ખરીદી શકાશે નહીં.

### દોડશે ૧૮૨૬૨ સ્પેશિયલ ટ્રેનો!

# સમર વેકેશનમાં રેલવે મુસાફરો માટે ખુશખબર

## રજાઓ દરમિયાન કન્ફર્મ ટિકિટ મળવી હવે સરળ બનશે

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય રેલવે વિશ્વનું ચોથું સૌથી મોટું રેલનું નેટવર્ક છે. જે આશરે ૬૮000 કિમીથી પણ વધુ રૂટ અને ૭૩00થી પણ વધુ સ્ટેશનો સાથે સમગ્ર ભારતમાં ફેલાયેલું છે. દરરોજ આશરે ૧૩000 થી વધુ પેસેન્જર ટ્રેનો અને ૭000 થી વધુ માલગાડીઓ દોડે છે. આ વિશાળ નેટવર્કમાં આશરે ૨.૩ કરોડથી પણ વધુ મુસાફરો મુસાફરી કરે છે. ગુરુવારે સમર સ્પેશિયલ ટ્રેનોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. વધારે માંગ ધરાવતા રૂટ્સ પર શરૂ કરાયેલી વધારાની ટ્રેન સેવાઓની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેથી મુસાફરી વધુ સુવિધાજનક બને અને ભીડ ઓછી થાય. ઉત્તર પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની ભીડ ઓછી કરવા માટે ૧૦૪ ટ્રેનોમાં ૧૩૨ વધારાના કોચ ઉમેર્યા છે. જેનાથી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાઓ વધુ વધી છે. રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય રેલવે ૧૫ એપ્રિલથી લઈ ૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી ૧૮૨૬૨ સમર સ્પેશિયલ ટ્રેન ટ્રિપ્સ ચલાવવાની યોજના ધરાવી છે. આમાંથી, ૧૧૮૭૮ ટ્રીપ્સની જાહેરાત થઈ ચૂકી છે. જ્યારે બાકીની સેવાઓ તબક્કાવાર જાહેર કરવામાં આવશે. આ આયોજનનો હેતુ મુસાફરોની અવરજવર અને મુસાફરોની કનેક્ટિવિટી સુવ્યવસ્થિત કરવાનો છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન, મુંબઈના લોકમાન્ય ટિળક ટર્મિનસ (LTT) અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), પુણે, સુરત (ઉધના સહિત), અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય રેલવે સ્ટેશનો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અધિકારીઓ દ્વારા ભીડ પર નિયંત્રણ રાખવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓ મુસાફરોને મુશ્કેલીમુક્ત મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે ગ્રાઉન્ડ-લેવલ સહાયને મજબૂત બનાવી રહ્યા છે.પશ્ચિમ રેલવેએ સુરતના ઉધના સ્ટેશન પર રીઅલ-ટાઈમ ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી છે. રેલવે સુરક્ષા દળના જવાનો ઉધના-થાવે તાપ્તી ગંગા એક્સપ્રેસમાં મુસાફરોને વ્યવસ્થિત રીતે ચઢવામાં મદદ કરી રહ્યા છે. ભારે ભીડ હોવા છતાં સલામતી અને કાર્યક્ષમ બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરી રહ્યા છે. રેલવેએ ઉનાળાની ઋતુમાં તેમના વતન જતા મુસાફરોને પણ પ્રાથમિકતા આપી છે.મુખ્ય સ્પેશિયલ ટ્રેનો

૦૯૦૮૮/૦૯૦૮૭ અમદાવાદ – મુંબઈ સેન્ટ્રલ AC સુપરફાસ્ટ સ્પેશિયલ

૦૯૪૪૭/૦૯૪૪૮ અમદાવાદ – પટણા હમસફર સ્પેશિયલ

૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ – એકતા નગર (કેવડિયા) હેરિટેજ સ્પેશિયલ

૦૯૪૧૯/૦૯૪૨૦ અમદાવાદ – તિરુચિરાપલ્લી સ્પેશિયલ

૦૧૯૨૦/૦૧૯૧૯ અસરવા – આગ્રા કૅન્ટ સ્પેશિયલ

૦૯૪૭૯/૦૯૪૮૦ સાબરમતી (વટવા) – હાવડા સમર સ્પેશિયલ

૦૧૯૦૬/૦૧૯૦૫ અસરવા – કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ


## વેચવાનું છે-ફાર્મ હાઉસ

લીલુંછમ્મ આંબાવાળું, ફળદ્રુપ જમીન ધરાવતું તૈયાર ફાર્મ હાઉસ જે ચિતલ-બાબરા હાઇવે રોડથી ૧ કી.મી. અંદર દરેક વાહન જઇ શકે તેવો રોડ

•૧૬ વીઘા જમીન ફરતી બીમકોલમ ઉપર બેલાવાળી ૬ ફુટની ઊંચાઇવાળી દિવાલ •૮૦ ફુટનો પાણીથી ભરપૂર કુવો
•૨૦x૪૦ ફુટનું પાકું મકાન તેમજ ગોડાઉન તથા રસોડું
•પાણીનો ટાંકો (સ્વીમીંગપુલ) તથા ગૌશાળા
•૬૫૦ ફુટનો બોર (૨૪ કલાક પાણી)
•૩૦ ફુટ પતરાનો શેડ •૨૫ HPનું લાઇટ કનેકશન તથા સાથે મોટું કુદરતી બારેમાસ પાણીથી ભરેલ તળાવ આ ફાર્મ હાઉસ વ્યાજબી ભાવે વેચવાનું છે.

સંપર્ક
અનિલસિંહ જનવાર
મો. ૯૪૨૬૮ ૩૧૨૪૧






## જાહેર અપીલ

આગામી તારીખ ૨૬/૦૪/૨૦૨૬, રવિવારનાં રોજ યોજાનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણીમાં રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષનાં દરેક ઉમેદવારોને જંગી, બહુમતીથી વિજય બનાવવા અચુક મતદાન કરીએ

રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષની એકતા અને અખંડીતતા જાળવવા માટે પૂર્વ ઓબીસી સેલનાં પ્રમુખ નારણભાઈ મકવાણા દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે.



નારણભાઈ મકવાણા
પ્રમુખ : પૂર્વ ઓબીસી સેલ-અમરેલી


### ચોતરફી ઘેરવાની તૈયારી

# ઈરાન યુદ્ધ અંગે ટ્રમ્પ આરપારના મૂડમાં, ૨૪ કલાકમાં લીધા ૪ મોટા નિર્ણય

## ઈરાની બંદરો પર અમેરિકાએ જે નાકાબંધી કરી છે તેને ત્રણ ગણી મજબૂત કરવાનો આદેશ અપાયો છે

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ પર પોતાનું વર્ચસ્વ જમાવવા અને ઈરાનને આર્થિક તેમજ સૈન્ય રીતે ઘેરવા માટે ચાર મોટા નિર્ણયો લીધા છે. દુનિયાનો અંદાજે ૨૦ ટકા ઓઈલ સપ્લાય આ માર્ગ પરથી થાય છે, જેના પર નિયંત્રણ મેળવીને ટ્રમ્પ ઈરાન પર દબાણ વધારી રહ્યા છે. ટ્રમ્પનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી ઈરાન સાથે સંપૂર્ણ સમજૂતી ન થાય ત્યાં સુધી આ દબાણ ચાલુ રહેશે. ટ્રમ્પના ચાર મોટા અને આક્રમક પગલાં ૧. માઈન્સ સાફ કરવાનું અભિયાન તેજ : ઈરાને આ દરિયાઈ માર્ગ પર જે માઈન્સ પાથરી હતી, તેને સાફ કરવા માટે ટ્રમ્પે અમેરિકન નૌસેનાને આદેશ આપ્યો છે. હાલ અમેરિકન જહાજો ત્રણ ગણી ઝડપે આ માઈન્સ હટાવવાની કામગીરી કરી રહ્યા છે, જેથી આ રસ્તો અમેરિકાની શરતો પર ફરીથી ખુલ્લો કરી શકાય.૨. શૂટ એન્ડ કિલનો આદેશ : ટ્રમ્પે અમેરિકન સેનાને અત્યંત કડક સૂચના આપી છે કે જો કોઈ પણ ઈરાની બોટ હોર્મુઝમાં માઈન્સ પાથરતી જોવા મળે, તો તેને કોઈ પણ ખચકાટ વગર ગોળી મારીને નષ્ટ કરી દેવી. ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા અગાઉ જહાજો પર કરવામાં આવેલા હુમલા બાદ આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે.૩. નૌસેનાની નાકાબંધી મજબૂત કરી : ઈરાની બંદરો પર અમેરિકાએ જે નાકાબંધી કરી છે તેને ત્રણ ગણી મજબૂત કરવાનો આદેશ અપાયો છે. વધુ અમેરિકન યુદ્ધ જહાજો તહેનાત કરીને ઈરાનની ઓઈલ નિકાસ લગભગ બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે ઈરાનને રોજના કરોડો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. ૪. ઓઈલ ઉત્પાદન અટકાવવાની તૈયારી : બ્લોકેડની સાથે હવે અમેરિકા ઈરાનની ઓઈલ ઉત્પાદન ક્ષમતા પર પણ દબાણ વધારી રહ્યું છે. ટ્રમ્પનો લક્ષ્યાંક ઈરાનને ઓઈલ વેચીને કમાણી કરવાના તમામ રસ્તાઓ બંધ કરવાનો છે, જેથી આર્થિક રીતે નબળું પડીને ઈરાન સમજૂતી માટે મજબૂર થાય.આ ચાર પગલાં દર્શાવે છે કે ટ્રમ્પ હવે ઈરાન સામે કોઈ પણ બાંધછોડ કરવાના મૂડમાં નથી. એક તરફ ઈરાન આ બ્લોકેડને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવી રહ્યું છે, તો બીજી તરફ ટ્રમ્પ ઈરાન સમજૂતીની શરતો માને તેવો આગ્રહ રાખી રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા આ તણાવને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો વધી રહી છે, જેની અસર સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે આ સંઘર્ષ આગામી દિવસોમાં વધુ ગંભીર વળાંક લઈ શકે છે.

# પવન ખેડાને હાઈકોર્ટનો મોટો ઝટકો: આગોતરા જામીન ફગાવ્યા

નવી દિલ્હી, તા.૨૪

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી FIR મામલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને મોટો કાયદાકીય ફટકો પડ્યો છે. ગુવાહાટી હાઈકોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે, જેના કારણે તેમની ધરપકડની તલવાર લટકી રહી છે. પવન ખેડા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે આ કેસ રાજકીય દ્વેષભાવથી પ્રેરિત છે. તેમણે કોર્ટને ખાતરી આપી હતી કે ખેડા દેશ છોડીને ભાગી જાય તેવો કોઈ ખતરો નથી, તેથી તેમની ધરપકડની કોઈ જરૂર નથી. બીજી તરફ, આસામના એડવોકેટ જનરલે આ જામીનનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, આ માત્ર માનહાનિનો કેસ નથી પરંતુ દસ્તાવેજોની જાળસાજી અને છેતરપિંડી સાથે જોડાયેલો ગંભીર ગુનો છે. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીને વચગાળાની સુરક્ષા આપવી જોઈએ નહીં કારણ કે તેમના દેશ છોડી ભાગી જવાની શક્યતા છે.

પવન ખેડાએ આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની રિંકી ભુઈયા શર્મા પાસે એકથી વધુ પાસપોર્ટ છે. આ આક્ષેપો બાદ રિંકી ભુઈયાએ ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. અગાઉ તેલંગાણા હાઈકોર્ટે ખેડાને ટ્રાન્ઝિટ બેલ આપ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે તે આદેશ પર રોક લગાવી દીધી હતી.

### સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી એપ્રિલ ૨૦૨૬

# જિલ્લામાં મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા ૧૦૦ મીટરના વિસ્તારમાં મત પ્રચાર માટે પ્રતિબંધ

## આવતીકાલે મતદાન યોજાશે, તા. ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે

અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી–એપ્રિલ–૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬/૪/૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮/૪/૨૦૨૬ના રોજ યોજાશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ અન્વયે સમગ્ર જિલ્લામાં મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિત મત પ્રચાર કરી શકશે નહીં. મત પ્રચાર માટે સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ઉપરાંત મતદારોને ધાક–ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા, કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા, સાથે ચૂંટણીમાં મત ન આપવા બાબતે સમજાવવા, ચૂંટણી લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી, સેલ્યુલર કે મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ કે અન્ય વિજાણુ સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર પ્રતિબંધ રહેશે. વાહનો સાથે આવવા પર પણ પ્રતિબંધ રહેશે.મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિ સિવાયની વ્યકિએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ રહેશે. ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવી, એક ઉમેદવારના એકથી વધુ મતદાન મથક એજન્ટને હાજર રાખવા, કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા ઉપર પ્રતિબંધ રહેશે. મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદારયાદી મતદાન મથકની બહાર લઈ જવા પર પ્રતિબંધ રહેશે. મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. દિવ્યાંગ મતદારો માટે અલગથી વ્યવસ્થા કરવાની રહેશે. મતદારોએ મતદાન મથકમાં વારાફરતી ક્રમમાં પ્રવેશવું, મતદાન બાદ તુરંત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે.આ જાહેરનામું જિલ્લાના તમામ વિસ્તારને લાગુ પડશે. ઉપરાંત તા. ૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાનના દિવસે લાગુ રહેશે. જો પુનઃમતદાન થશે તો જે તે સંબંધિત મત વિસ્તાર માટે તા. ૨૭/૪/૨૦૨૬ના રોજ પણ અમલી રહેશે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# મોટી કુંકાવાવમાં જાહેરમાં જુગાર રમતા 3 પત્તાપ્રેમીઓ ઝડપાયા

## રૂપિયા ૨૬,૮૧૦ કબ્જે કરવામાં આવ્યા

અમરેલી, તા. ૨૪

અમરેલી એલ.સી.બી. ટીમને મળેલ બાતમી હકિકત આધારે વડીયા તાલુકાના મોટી કુંકાવાવ ગામે, ઘનશ્યામનગરમાં જુગાર અંગે દરોડો કરી કુંકાવાવના ઘનશ્યામનગરમાં રહેતાં સામતભાઈ ધીરૂભાઈ રાઠોડ, પ્રતાપભાઈ ધીરૂભાઈ રાઠોડ તથા ફુલાભાઈ ઉર્ફે બાવડુ હિરાભાઈ માવલીયા નામનાં ત્રણ ઈસમોને જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૨૬,૮૧૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલા તથા પોલીસ સબ ઈન્સ્પે. એમ.ડી. ગોહિલ તથા જે.ડી. વાઘેલા તથા એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા દ્વારા કરવામાં આવેલ છે.

### ૨૫ એપ્રિલ, વર્લ્ડ વેટરનરી ડે

# કોઈપણ રાષ્ટ્રની મહાનતા અને તેની નૈતિક પ્રગતિનો આધાર તે દેશના લોકોની પ્રાણીઓ સાથેની વર્તણૂક દ્વારા નક્કી કરી શકાય છે : મહાત્મા ગાંધી






અમરેલી, તા. ૨૪

જેવી રીતે માણસ બીમાર થાય છે ત્યારે ડોક્ટર પાસે જાય છે એવી જ રીતે પ્રાણીઓ માટે જે ચિકિત્સા વ્યવસ્થા કરવામાં આવે છે તેને વેટરીનરી કહે છે. ઘવાયેલા કે બીમાર પશુ – પક્ષી, પ્રાણીઓની ચિકિત્સાને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે વેટરીનરી ડે સેલીબ્રેટ કરવામાં આવે છે. જે ડોક્ટર્સ આ જીવોની ચિકિત્સા કરે છે તેમને વેટરનર્સ કહેવામાં આવે છે.

વિમાં જુદા જુદા સ્થાનો પર આવા વેટરનર્સને ટ્રેનિંગ આપવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટસ પણ છે. વેટરનર્સ દરરોજ કોઈને કોઈ નવી સમસ્યાઓનો સામનો કરતા રહે છે એ વાત સમજી શકાય એમ છે કે ટ્રીટમેન્ટમાં માણસ જેટલી શાંતિ અને સમજદારીથી સહયોગ કરે છે એટલી જ સહજતાથી પ્રાણીઓ સહયોગ કરી શકતા નથી માટે આ કાર્ય ઘણું અઘરૂં બની જાય છે. અહીં જયારે પેટ એનીમ્લ્સની વાત કરીએ તો એ ઘણા સમજદાર હોય છે.

કોઈ પણ ફેમીલીમાં લોકો એમને એક ફેમીલી મેમ્બર તરીકે ટ્રીટ કરે છે, એક બાળકની જેમ પેટને મેનર્સથી લઈને બધી જ વસ્તુઓ શીખવવામાં આવે છે પરિણામે તે કોઈ પણ વસ્તુ સમજવા માટે વધુ સંવેદનશીલ બને છે છતા પણ એમનું ધ્યાન રાખવા માટે તો ઘણા લોકો હોય છે પરંતુ જે રસ્તે રઝળતા પ્રાણીઓ છે એમની સુરક્ષા કરવા હેતુ કોઈ નથી હોતું. વિ આખું જયારે મહામારીનો સામનો કરી રહ્યો છે, હોસ્પિટલની બહાર માણસનું જીવન બચાવવા માટે એમ્બ્યુલન્સની લાઈનો લાગી છે, મનુષ્યનું જીવન બચાવવા માટે ઓક્સિજન ખૂટી પડ્યું છે ત્યારે આવી પરિસ્થિતિમાં પશુ – પક્ષીઓના જીવન વિશે તો કોણ વિચારે ? જો કે આ પરિસ્થતિમાં પણ ઘણી નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે જે પશુ – પક્ષી રક્ષા સાથે સંકળાયેલી છે પરંતુ આટલું પુરતું નથી. જો માત્ર એક પ્રાણી, કુતરાની વાત કરીએ તો આજે શેરીએ શેરીએ કુતરા છે એક શેરીમાં આશરે ૫ કુતરાઓ હોય છે ત્યારે આવી તો કેટલી શેરી, કેટલા વિસ્તાર, કેટલા શહેર ઉપરાંત કેટલાય પ્રાણીઓ સર્વનું રક્ષણ કરવા માટે આવી સંસ્થાઓ ખૂણે ખૂણે પહોચી શકતી નથી માટે ઈરની ભેટ સમા આ પશુ–પક્ષીઓ સ્વરૂપી કુદરતની રક્ષા કરવાની જવાબદારી આપણી પોતાની સમજીને તેમનું ધ્યાન રાખીએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### સુપ્રીમ કોર્ટે કહ્યું - મતદાન તો નહીં કરી શકો

# ૬૫ ચૂંટણી અધિકારીઓના જ SIR યાદીમાં નામ નહીં

## તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો, ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન જે લોકોના નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા, તેમની અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. નોંધનીય છે કે, જે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેમાં ચૂંટણી ડ્યુટી પર તેહનાત લગભગ ૬૫ અધિકારીઓ પણ સામેલ છે. આ મામલાની સુનાવણી ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે કરી હતી. અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એમ.આર. શમશાદે કોર્ટને જણાવ્યું કે, અનેક અધિકારીઓના નામ કોઈપણ નક્કર કારણ આપ્યા વિના મનસ્વી રીતે મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે અદાલત સમક્ષ પોતાની વાત મૂકતા કહ્યું કે, આ ૬૫ અરજદારો હાલ ચૂંટણી ડ્યુટી પર છે. તેમના ડ્યુટી ઓર્ડરમાં તેમના મતદાર ઓળખપત્ર (EPIC) નંબર સ્પષ્ટપણે નોંધાયેલા છે.પરંતુ હવે તે નંબર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેનો સીધો અર્થ એ થયો કે જે લોકો ચૂંટણી સંપન્ન કરાવી રહ્યા છે, તેઓ પોતે જ મતદાન નહીં કરી શકશે! પ્રથમ દૃષ્ટિએ આ એક મનસ્વી વલણ છે અને ઘણા લોકોને તો તેનું કારણ પણ જણાવવામાં નથી આવ્યું.એક અહેવાલ પ્રમાણે ખંડપીઠે અરજદારોને આ મામલે સીધી રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. અદાલતે તેમને તે અપીલીય ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા કહ્યું, જેની સ્થાપના જ સર્વોચ્ચ અદાલતના આદેશ પર જ આ પ્રકારની ફરિયાદો સાંભળવા માટે કરવામાં આવી હતી. CJI સૂર્યકાંતે નિર્દેશ આપતા કહ્યું કે, તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો. ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો.જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ એ વાતનો સ્વીકાર કર્યો કે, જે લોકોની અપીલ હાલ પડતર છે, તેઓ કદાચ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીમાં મતદાન નહીં કરી શકશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે, મતદારો પોતાની અપીલની પ્રક્રિયા ચાલુ રાખી શકે છે, જેથી ભવિષ્ય માટે મતદાર યાદીમાં તેમનું નામ પુનઃસ્થાપિત થઈ શકે. ટ્રિબ્યુનલ દ્વારા યોગ્ય આદેશો પસાર કરવામાં આવશે... એ સાચું છે કે કદાચ તેઓ આ વર્તમાન ચૂંટણીમાં મતદાન ન કરી શકે. પરંતુ મતદાર યાદીમાં નામ જાળવી રાખવાનો જે વધુ મૂલ્યવાન અધિકાર છે, તેને દરેક સંજોગોમાં સુરક્ષિત રાખવામાં આવશે.પશ્ચિમ બંગાળ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં SIR પ્રક્રિયાને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં હાલ વિચારાધીન છે, કારણ કે આ પ્રક્રિયા હેઠળ મોટા પાયે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં સવાલો ઉઠી રહ્યા છે.ભારત નિર્વાચન આયોગ (ECI) અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે વિશ્વાસના અભાવને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ એક મોટો નિર્ણય લીધો હતો. અદાલતે પશ્ચિમ બંગાળમાં જીૈંઇની જવાબદારી રાજ્ય સરકારને બદલે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને (જિલ્લા ન્યાયાધીશો અને નિવૃત્ત ન્યાયાધીશો સહિત) સોંપી દીધી હતી. આ કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા ન્યાયિક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૬ એપ્રિલ સુધીમાં આ અધિકારીઓએ લગભગ ૬૦ લાખ વાંધા અરજીઓનો નિકાલ કર્યો હતો, જેના પરિણામ સ્વરૂપ ૨૭ લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જ ન્યાયિક અધિકારીઓના નિર્ણયો સામેની અપીલ સાંભળવા માટે અપીલીય ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી. વર્તમાનમાં લગભગ ૧૯ જેટલા અપીલીય ટ્રિબ્યુનલ સક્રિય છે અને અપીલો સાંભળી રહ્યા છે. ૧૩ એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, જે મતદારોને ચૂંટણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા આ ટ્રિબ્યુનલ દ્વારા મંજૂરી મળી જશે તેઓ વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરી શકશે. જોકે, અહેવાલો પ્રમાણે અપીલ ટ્રિબ્યુનલ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૩૬ અપીલો પર જ અંતિમ ચુકાદો આપવામાં આવ્યો છે.




# એક તરફ સ્થાનિક ચૂંટણીને લઈને રાજકારણમાં ગરમાવો અને બીજી તરફ

# અમરેલીમાં તાપમાનનો પારો ૪૩.૩ ડીગ્રી સુધી પહોંચી ગયો

**ચાલુ મૌસમમાં સૌપ્રથમ તાપમાનનો પારો ૪૩.૩ ડીગ્રી સુધી પહોંચી જતાં કુદરતી કર્ફ્યુ**

**દિનપ્રતિદિન તાપમાનનો પારો વધતો હોય બપોરનાં સમયે માર્ગો બને છે સુમસામ**

**અમરેલી પંથક ગરમી અને ઠંડીમાં હંમેશા અગ્રેસર રહેતો આવેલ છે**

**આગામી ૨ થી ૩ દિવસમાં તાપમાનનો પારો હજુ પણ વધે તો નવાઈ નહી**







અમરેલી, તા. ૨૪

અમરેલીજિલ્લામાંસ્થાનિક સ્વરાજયનીચૂંટણીસાથેવાતાવરણપણ ગરમ થતું હોય તેમ ચાલું ઉનાળાની સિઝનમાં સૌથી વધુ પ્રથમ વખત તાપમાન૪૩.૩ડીગ્રીસુધીપહોંચીજતાં લોકોવૈશાખમહિનાનીબપોરનાંઆકરા તાપમાનથીત્રાહિમામપોકારીઉઠયાછે. અમરેલી જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ કંઈક અલગ છે. અહીંશિયાળામાંસૌથીવધુઠંડીપડેછેઅને તાપમાન ૬થી૭ડીગ્રીજેટલુંપહોંચીજાય છે.ત્યારેઉનાળામાંસૌથીવધુગરમીજોવા મળે છે અને તાપમાન ૪૪ ડીગ્રીથી પણ વધીજાય છે.

અમરેલી શહેરમાં આજે બપોરનાંચાલુંઉનાળાનીસિઝનમાંસૌથી વધુ પ્રથમ વખત તાપમાન ૪૩.૩ ડીગ્રી સુધીપહોંચીજતાંઆજેલોકોકામવગર ઘર કેઓફિસબહારનીકળવાનુંટાળતા શહેરની મુખ્ય બજાર તથા રસ્તાઓ સુમસામભાસતાહતા.જયારેબપોરનાં સમયેમુખ્યબજારક્રિકેટનાંમેદાનસમા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## લુ લાગવાથી બચવા માટે તકેદારીનાં પગલા ભરીએ

અમરેલી, તા. ૨૪

ઉનાળામાંપુરતાપ્રમાણમાં પાણી પીતા રહેવુ, પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ. દ્રાવણઅથવાછાશ, લસ્સી, લીંબુપાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો તથા ઉનાળાની ઋતુ દરમિયાન હિટવેવની સંભાવનાઓને જોતા હિટવેવ દરમિયાન અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર ધ્વારા માર્ગદર્શિકા આપવામાંઆવીછે.હિટવેવથીમાનસિક તાણથાયછેઅનેમૃત્યુનીસંભાવનાપણ રહે છે, તેની અસરને ઓછી કરવા માટે તકેદારીનાં પગલા અનુસરી શકીએ.

સૂર્યના સીધા પ્રકાશમાં કામ કરવાનું થાય ત્યારે ટોપી, બુટ-ચપ્પલ, ચશ્માનો ઉપયોગ કરવો, માથા, ગળા અને ચહેરા પર ભીનું કપડું રાખવું.

પશુ-પંખીઓની શેડની નીચે છાયડામાં રાખવા અને પીવા માટે પુરતા પ્રમાણમાં પાણી આપતા રહેવું. ઘરને ઠંડુ રાખવા માટે પડદા અને શટરનો ઉપયોગ કરવો, રાત્રે બારીઓ ખોલી નાખવી, ઘરમાં પંખા તથા ભીના કપડાનો ઉપયોગ કરવો અને વારંવાર ઠંડા પાણીથી નાહવું, કામના સ્થળ પાસે ઠંડા પાણીની વ્યવસ્થા રાખવી જરૂરી છે.

### રૂપિયા માંગતા પૂર્વ સાંસદે આપી ધમકી

## ચૂંટણી ટાણે ૭૫ ગામના લોકોને કરાવેલા નાસ્તો, ભોજનનુ બિલ બાકી

**લોકસભા ચૂંટણી સમયે અમરેલીના કોંગ્રેસના ઉમેદવાર વિરજી ઠુમ્મરે કેટરર્સ સાથે ઠગાઈ કરી હોવાની વિગતો સામે આવી**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં કોંગ્રેસના પૂર્વ સાંસદ વિરજી ઠુમ્મર અને તેમની દિકરી જેની ઠુમ્મર સામે છેતરપિંડીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે પારસ તળાવિયાએ અરજી આપીને યોગ્ય કાર્યવાહી માટેની માંગ કરી છે. લોકસભા ચૂંટણી સમયે અમરેલીના કોંગ્રેસના ઉમેદવાર વિરજી ઠુમ્મરે, તેમના કેટરર્સ સાથે લાખ્ખોની ઠગાઈ કરી હોવાની વિગતો સામે આવી છે. ઘટના અંગે એવી માહિતી સામે આવી છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન વિવિધ ગામોમાં યોજાયેલા જમણવાર અને નાસ્તાની વ્યવસ્થા માટે કેટરિંગનો મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો. આશરે ૭૫ ગામોમાં જમવા અને નાસ્તાની વ્યવસ્થા કરાવવામાં આવી હતી, જેના બદલામાં કુલ રૂપિયા ૬.૯૬ લાખની રકમ બાકી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદી પારસ તળાવિયાનો આક્ષેપ છે કે, વિરજી ઠુમ્મર પાસે અનેક વખત પૈસા માંગવા છતાં ચૂકવણી કરવામાં આવી નથી. વધુમાં, પૈસા માગતા તેમને ગાળાગાળી કરવામાં આવી અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જણાવ્યું છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પુરપાટ દોડતા વાહનોને કોઈ રોકવાવાળુ નથી

## અમરેલીમાં સિવિલ હોસ્પિટલનાં પાછળનાં ગેઈટ નજીક કારચાલકે હડફેટે લેતા બાઈક સવારનું મોત

**વૃધ્ધનું માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત**

અમરેલી, તા. ૨૪

અમરેલીના ચિતલ રોડ ઉપર રહેતાં ભરતભાઈ પારેખ ગત તા. ૨૨ ના રોજ રાત્રીના ૯/૩૦ વાગ્યે સ્કુટર નં. જી.જે.-૧૪ આર-૨૬૬૩ ચલાવી અમરેલી સિવિલ હોસ્પિટલના પાછળનો ગેઈટ પાસ કરી સુખનિવાસ કોલોની તરફ જતા હતા. તે દરમ્યાન એક કાર નં. જી.જે.-૧૪ બીજી-૭૮૩૫ ના ચાલકે ડાબી કે જમણી સાઈડમાં જોયા વગર પોતાના હવાલાવાળી કાર પુરઝડપે અને બેફીકરાઈથી રીતે માનવ જીંદગી જોખમાય તેમ ચલાવી ભરતભાઈ પારેખના મોટર સાયકલ સાથે અથડાવી દઈ તેમને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી દીધાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ભાજપનાં મીડિયા પ્રવકતા શૈલેષ પરમારનું નિવેદન

## કેન્દ્ર, રાજય અને સ્થાનિક સ્વરાજ એમ ટ્રિપલ એન્જિનની સરકાર બનાવવા અનેરો ઉત્સાહ

**સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદારોએ કેસરિયો કરવાનું મન બનાવી લીધું છે**

અમરેલી, તા. ૨૪

ગુજરરાતમાં હાલ સ્થાનિક સ્વરાજની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગર પાલિકાની ચૂંટણીઓના પ્રચાર પ્રસારનાં ધમધમાટ પછી હવે પ્રચારનાં પડધમ શાંત થયા છે. પરંતુ આ ચૂટણીમાં એક વાત અદભુત જોવા મળી જેમાં કોંગ્રેસને ઉમેદવારો ના મળ્ગા અને છેલ્લે માંડ ઉમેદવારો મળ્યા તો સવા નીરસ અને

**અનુસંધાન પાના ૬ ઉપર**



### ડેડાણની યુવતી સાથે પ્રેમ સંબધ હોય કરૂણ અંજામ

## ખાંભાનાં નિંગાળા-૨ ગામનાં વતની અને સુરત સ્થિત યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી

**મૃતક યુવકનાં પિતાએ ૩ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૪

ખાંભા તાલુકાનાં નિંગાળા-૨ ગામનાં વતની અને હાલ સુરત રહેતાં અને હીરા ઘસવાનું કામ કરતાં મનસુખભાઈ વાઘાભાઈ વણઝારાનાં દીકરા પ્રદિપને ડેડાણ ગામે રહેતાં અકબરખાનની નાની દિકરી સાથે પ્રેમ સબંધ હોય જેથી તેણી તેમની સાથે અમદાવાદ આવતી રહેલ હતી. ત્યારબાદ દસ દિવસ પછી આગેવાનોની હાજરીમાં તેણીને અકબરભાઈને સોંપી દિધેલ હતી.

એકાદ મહીના બાદ અકબરખાન પઠાણ, તમન્ના અકબરખાન પઠાણ તથા તૌફીક અકબરખાન પઠાણ આ પ્રદિપને મારી નાંખવાની ધમકી આપી અને ફોર વ્હીલ લઈ તલવાર લઈ તેમનાં ઘરે માર મારવા આવેલ હતા. તેમને જાનથી મારી નાખવાની તેમજ તલવાર વડે માર મારવાની ધમકી આપી અવાર-નવાર હેરાન-પરેશાન કરતા હોય, જેથી તેમને માનસીક ત્રાસ આપી મરણજનાર પ્રદિપને ઝેરી દવા પી મરવા મજબુર કરતા તેણે આપધાત કરી લીધેલ. મરણજનાર પ્રદિપ સામે છેડતીનો ખોટો કેસ કરેલ હતો. જે દબાણથી આત્મ હત્યા કરી તે અંગેનો પ્રદીપ દવા પીતો હોય તેવો વીડીયો ઉતાર્યો હતો.

આ બનાવમાં અકબરખાન દિલાવરખાન પઠાણ તથા તેમના દિકરા તેફીક પઠાણ તથા તેમની દિકરી તમન્ના પઠાણ રહે.ત્રણેય ડેડાણએ પ્રદિપને માનસીક ત્રાસ આપેલ હોય જેથી તેના ત્રાસથી કંટાળી પ્રદિપે ઝેરી દવા પી આપઘાત કરી લીધાની પોલીસમાં મનસુખભાઈ વાઘાભાઈ વણઝારાએ નોંધાવી છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)